નમો નમ: શ્રી ગુરુપ્રેમસૂરયે ।

પૂ. શ્રી હર્ષકુંજર ઉપાધ્યાય કૃત

# સુમિત્ર - ચરિત્ર

(અનુવાદ)

-: પ્રકાશક :-

શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ

ઠે. નં. ૫. બદ્રિકેશ્વર સોસાયટી,

૮૨, નેતાજી સુભાષ રોડ,

મરીન ડ્રાઈવ, 'ઈ' રોડ, મુંબઈ - ૨.

નમો નમઃ શ્રી ગુરુપ્રેમસૂરયે ।

પૂ. શ્રી હર્ષકુંજર ઉપાધ્યાય કૃત

# સુમિત્ર - ચરિત્ર

(અનુવાદ)

-: પ્રકાશક :-

શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ

૬. નં. ૫. બદ્રિકેશ્વર સોસાયટી,

૮૨, નેતાજી સુભાષ રોડ,

મરીન ડ્રાઈવ, 'ઈ' રોડ, મુંબઈ - ૨.

સં. ૨૦૫૪ મૂલ્ય :- રૂા. ૧૬/-

# લાભ લેનાર

૨,૦૦૦/- - શ્રી શાંતિનાથ ભંડાર જૈન સંઘ,
વડગામપેઠ
(પૂ. રાજરત્નવિજય મહારાજના ઉપદેશથી)

૨,૫૦૦/- - શ્રી ડોંડ જૈન સંઘ

જ્ઞાનનિધિમાંથી લાભ લેનાર પુણ્યાત્માઓની ભાવભરી અનુમોદના કરીએ છીએ.

લિ.

શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ

# પ્રકાશકીય

પૂ. હર્ષકુંજરવિજય ઉપાધ્યાયજી મહારાજ રચિત સુમિત્ર ચરિત્રનો અનુવાદ સંવત ૧૯૮૯માં **શ્રી જૈન ધર્મપ્રસારક સભા** ભાવનગર તરફથી બહાર પડેલ છે. આ પુસ્તક અતિ જીર્ણ તથા અપ્રાપ્ય થયેલ હોવાથી તેનું પુનઃ પ્રકાશન અમે સહર્ષ કરીએ છીએ. શ્રી જૈન ધર્મ પ્રસારક સભા પ્રત્યે કૃતજ્ઞતાનો ભાવ પ્રદર્શિત કરીએ છીએ.

પ્રાચીન શાસ્ત્રોના પુનર્મુદ્રણના કાર્યમાં વિશેષ લાભ મળતો રહે તેવી શ્રુતાધિષ્ઠાયિકા શ્રી સરસ્વતીદેવીને પુનઃ પુનઃ પ્રાર્થના. પ્રસ્તુત ચરિત્રના વાંચન દ્વારા સહુ કોઈ શુભ ભાવને પામે એ જ એક માત્ર શુભાભિલાષા.

લિ.

**શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ**

**ટ્રસ્ટીઓ**

ચંદ્રકુમાર બાબુભાઈ જરીવાલા

લલિતકુમાર રતનચંદ કોઠારી

નવિનચંદ્ર ભગવાનદાસ શાહ

પુંડરિકભાઈ અંબાલાલ શાહ

# પ્રાપ્તિસ્થાન

- પ્રકાશક - મુંબઈ

- મૂળીબેન અંબાલાલ
  રતનચંદ જૈન ધર્મશાળા,
  સ્ટેશન રોડ, વીરમગામ.

- શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ
  C/o. ચંદ્રકાંત એસ. સંઘવી
  કનાસાનો પાડો, પાટણ.
  (ઉત્તર ગુજરાત)

- બંસીલાલ અંબાલાલ શાહ
  જૈન યાત્રિક ભુવન,
  માણેક ચોક, ખંભાત.

। નમો નમઃ શ્રીગુરુપ્રેમસૂરયે ।

દિવ્ય કૃપા :- સિદ્ધાંતમહોદધિ સ્વ.
આચાર્ય દેવશ્રીમદ્ વિજય
પ્રેમસૂરીશ્વરજી મહારાજા.

શુભાશીષ :- વર્ધમાન તપોનિધિ ગચ્છાધિપતિ
સ્વ. આચાર્ય દેવ શ્રીમદ્ વિજય
ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા.

પુણ્યપ્રભાવ :- પરમ પૂજ્ય સમતાસાગર સ્વ.
પંન્યાસજીશ્રી પદ્મવિજયજી ગણિવર્યશ્રી.

-: પ્રેરણા-માર્ગદર્શન :-
પ. પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્ય દેવ શ્રીમદ્ વિજય
હેમચંદ્રસૂરિ મહારાજ

-: પ્રકાશક :-
શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ
દુકાન નં. ૫, બદ્રિકેશ્વર સોસાયટી,
૮૨, નેતાજી સુભાષ રોડ,
મરીન ડ્રાઈવ, 'ઈ' રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૨.

## શ્રુતસેવાના કાર્યમાં સદાના સાથીઓ

# શ્રુતસમુદ્ધારક

- ભાણબાઈ નાનજી ગડા, મુંબઈ. (પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરિ મ.સા.ના ઉપદેશથી)
- શેઠ આણંદજી કલ્યાણજી, અમદાવાદ.
- શ્રી શાંતિનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, અમદાવાદ. ( પ.પૂ. તપસમ્રાટ આચાર્યદેવ શ્રીમદ્વિજય હિમાંશુસૂરિ મ.સા.ની પ્રેરણાથી )
- શ્રી શ્રીપાળનગર જૈન ઉપાશ્રય ટ્રસ્ટ, વાલકેશ્વર, મુંબઈ. ( પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરિ મ.સા.ની દિવ્યકૃપા તથા પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય મિત્રાનંદ સૂ. મ.સા.ની પ્રેરણાથી )
- શ્રી લાવણ્ય સોસાયટી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, અમદાવાદ. ( પં. પૂ. પંન્યાસજી શ્રી કુલચંદ્રવિજયજી ગણિવર્યની પ્રેરણાથી )
- નયનબાળા બાબુભાઈ સી. જરીવાળા હા. ચંદ્રકુમાર, મનીષ, કલ્પનેશ (પ.પૂ. મુનિરાજશ્રી કલ્યાણબોધિ વિ.મ.સા. ની પ્રેરણાથી )

- કેશરબેન રતનચંદ કોઠારી હા. લલિતભાઈ ( પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણાથી )
- શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છીય જૈન પૌષધશાળા ટ્રસ્ટ, દાદર, મુંબઈ.
- શ્રી મુલુંડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, મુલુંડ, મુંબઈ. (પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી હેમચંદ્રસૂરિ મ.સા. ની પ્રેરણાથી)
- શ્રી શાંતાક્રુઝ શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છ સંઘ, શાંતાક્રુઝ, મુંબઈ. (પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી હેમચંદ્રસૂરિ મ.સા. ની પ્રેરણાથી )
- શ્રી દેવકરણ મૂળજીભાઈ જૈન દેરાસર પેઢી, મલાડ (વેસ્ટ), મુંબઈ. ( પ. પૂ. મુનિરાજશ્રી સંયમબોધિ વિ. મ.સા.ની પ્રેરણાથી )
- સંઘવી અંબાલાલ રતનચંદ જૈન ધાર્મિક ટ્રસ્ટ, ખંભાત. ( પૂ. સા. શ્રી વસંતપ્રભાશ્રીજી મ. તથા પૂ. સા. શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ. તથા પૂ. સા. શ્રી દિવ્યયશાશ્રીજી મ. ની પ્રેરણાથી મૂળીબેનની આરાધનાની અનુમોદનાર્થે.)

- બાબુ અમીચંદ પનાલાલ આદીશ્વર જૈન ટેમ્પલ ચેરીટેબલ ટ્રસ્ટ, વાલકેશ્વર, મુંબઈ-૬. (પૂ. મુનિરાજ શ્રી અક્ષયબોધિ વિ. મ. તથા પૂ. મુનિરાજશ્રી મહાબોધિ વિ. મ. તથા પૂ. મુનિરાજશ્રી હિરણ્યબોધિ વિ. મ. ની પ્રેરણાથી)
- શ્રી શ્રેયસ્કર અંધેરી ગુજરાતી જૈન સંઘ, મુંબઇ. ( પૂ. મુનિશ્રી હેમદર્શન વિ. મ. તથા પૂ. મુનિશ્રી રમ્યઘોષ વિ. મ.ની પ્રેરણાથી)
- શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, મંગળપારેખનો ખાંચો, શાહપુર, અમદાવાદ.
( પ. પૂ. આચાર્યદેવ શ્રી રુચકચંદ્ર સૂરિ મ. ની પ્રેરણાથી)
- શ્રી પાર્શ્વનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, સંઘાણી એસ્ટેટ, ઘાટકોપર, (વેસ્ટ) મુંબઈ. ( પૂ. મુનિશ્રી કલ્યાણબોધિ વિ. મ. ની પ્રેરણાથી )
- શ્રી નવજીવન સોસાયટી જૈન સંઘ, બોમ્બે સેન્ટ્રલ, મુંબઈ. ( પૂ. મુનિરાજશ્રી અક્ષયબોધિ વિ. મ. ની પ્રેરણાથી )
- શ્રી કલ્યાણજી સોભાગચંદ જૈન પેઢી, પીંડવાડા. (સિદ્ધાંતમહોદધિ સ્વ. આ. શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા.ના સંયમની અનુમોદનાર્થે)

- શ્રી ઘાટકોપર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, ઘાટકોપર. (વેસ્ટ), મુંબઈ. (વૈરાગ્યદેશનાદક્ષ પૂ. આ. શ્રી હેમચંદ્રસૂરિ મ.સા.ની પ્રેરણાથી)
- શ્રી આંબાવાડી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ અમદાવાદ. (પૂ.મુનિ શ્રી કલ્યાણબોધિ વિજયજી મ.સા.ની પ્રેરણાથી)
- શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ વાસણા-અમદાવાદ. (પૂ. આ. શ્રી નરરત્નસૂરિ મ. ના સંયમજીવનની અનુમોદનાર્થે પૂ. તપસ્વી રત્ન આ. શ્રી હિમાંશુસૂરીશ્વરજી મ.સા. ની પ્રેરણાથી)
- શ્રી પ્રેમવર્ધક આરાધક સમિતિ, ધરણિધર દેરાસર પાલડી, અમદાવાદ. (પૂ. ગણિવર્ય શ્રી અક્ષયબોધિ વિજયજી મ. ની પ્રેરણાથી)
- શ્રી મહાવીર જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘ, પાલડી, અમદાવાદ. શેઠ કેશવલાલ મૂળચંદ જૈન ઉપાશ્રય. (પ.પૂ. આ. શ્રી રાજેન્દ્રસૂરિ મ.સા.ની પ્રેરણાથી )
- શ્રી માટુંગા જૈન શ્વેતા. મૂર્તિપૂજક તપગચ્છ સંઘ એન્ડ ચેરિટીઝ, માટુંગા, મુંબઈ.
- શ્રી જીવીત મહાવીરસ્વામી જૈન સંઘ, નાંદિયા (રાજસ્થાન) (પૂ. ગણિવર્ય શ્રી અક્ષયબોધિ વિજયજી મ.સા. તથા મુનિશ્રી મહાબોધિ વિજયજી મ.સા. ની પ્રેરણાથી)

- શ્રી વિશા ઓશવાળ તપગચ્છ જૈન સંઘ, ખંભાત. (વૈરાગ્યદેશનાદક્ષ પૂ. આ. શ્રી હેમચંદ્રસૂરિ મ.સા.ની પ્રેરણાથી ).
- શ્રી વિમલ સોસાયટી આરાધક જૈન સંઘ બાણગંગા વાલકેશ્વર મુંબઈ-૬.
- શ્રી પાલિતાણા ચાતુર્માસ આરાધના સમિતિ ( પૂ. આ. હેમચંદ્રસૂરિ મ. ના સં ૨૦૫૩ ના ચાતુર્માસ પ્રસંગે)
- શ્રી સીમંધર જિન આરાધક ટ્રસ્ટ, એમરલ્ડ એપાર્ટમેન્ટ, અંધેરી (ઈ) (મુનિશ્રી નેત્રાનંદ વિજયજી મ. સા. ની પ્રેરણાથી)
- શ્રી ધર્મનાથ પોપટલાલ હેમચંદ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - જૈન નગર, અમદાવાદ. ( પ. પૂ. મુનિરાજશ્રી સંયમબોધિ વિજયજી મ.સા. ની પ્રેરણાથી )
- શ્રી કૃષ્ણનગર જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ - સૈજપુર, અમદાવાદ. (પ. પૂ. આચાર્ય વિજય હેમચંદ્રસુરીશ્વરજી મ. સા. ના કૃષ્ણનગર મધ્યે સંવત ૨૦૫૨ ના ચાતુર્માસ નિમીત્તે પ.પૂ. મુનિરાજશ્રી કલ્યાણબોધિ વિજય મ. સા.ની પ્રેરણાથી)

# શ્રુતોદ્ધારક

- શ્રી લક્ષ્મીવર્ધક જૈન સંઘ, પાલડી, અમદાવાદ. (પ.પૂ. મુનિરાજશ્રી નિપુણચંદ્ર વિજય મ.સા.ની પ્રેરણાથી ).
- શ્રી નડીયાદ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, નડીયાદ. (પ.પૂ. મુનિ શ્રી વરબોધિ વિજયજી મ.સા.ની પ્રેરણાથી).
- શ્રી સાયન શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, સાયન, મુંબઈ.
- શ્રી પાર્શ્વનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, સંઘાણી એસ્ટેટ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ.

# શ્રુતભક્ત

- શ્રી બાબુભાઈ સી. જરીવાલા ટ્રસ્ટ,
  નિઝામપુરા, વડોદરા.
- શ્રી બાપુનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ,
  અમદાવાદ. (પૂ. ગણિવર્યશ્રી અક્ષયબોધિવિજયજી
  મ.સા. તથા મુનિરાજશ્રી મહાબોધિ વિજયજી
  મ.સા.ની પ્રેરણાથી).
- શ્રી સુમતિનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ,
  મેમનગર, અમદાવાદ. (પૂ. મુનિરાજશ્રી ધર્મરક્ષિત
  વિ. મ. તથા પૂ. મુનિરાજશ્રી હેમદર્શન વિ. મ. ની
  પ્રેરણાથી ).
- સ્વ. શ્રી સુંદરલાલ દલપતભાઈ ઝવેરી. હા.
  જાસુદબેન, પુનમચંદભાઈ, જસવંતભાઈ વગેરે.
- શ્રી મુનિસુવ્રત સ્વામિ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક
  મંદિર ટ્રસ્ટ, કોલ્હાપુર.
- શ્રી અરવિંદકુમાર કેશવલાલ ઝવેરી જૈન રિલિજીયસ
  ટ્રસ્ટ, ખંભાત.

શ્રી હર્ષકુંજરોપાધ્યાયકૃત.

# શ્રી સુમિત્રચરિત્ર ભાષાંતર.

કેવળજ્ઞાનરૂપી લક્ષ્મીવડે શોભતા, અનેક દેવોવડે સેવાતા, કલ્પવૃક્ષની જેમ અનેક સાધુરૂપ સુંદર શાખાઓવાળા તેમજ કલ્પવૃક્ષની જેમ પલ્લવોવડે ભવ્યજનોની આશાને પૂરવાવાળા શ્રી પાર્શ્વનાથ તમારા કલ્યાણને માટે થાઓ. શ્રી યુગાદીશ્વર વિગેરે વર્તમાન ચોવીશીના તથા અન્ય અતીત, અનાગત ચોવીશીના અને વિહરમાન જિનેશ્વરો મનવાંછિત ફળની શ્રેણિને આપો-કરો. કૃપારૂપી સુગંધવડે પ્રપૂરિત અને અત્યંત વિકસ્વર એવા ગુરૂમહારાજના ચરણકમળને હું ભ્રમરની જેમ સેવું છું. જિનેશ્વરના મુખરૂપ કમળમાં રાજહંસી જેવી સરસ્વતી કે જેના પ્રસાદથી કવિઓ સારી કવિતાને કરે છે તેને પણ હું નમું છું. મંદ અને અમંદ એવા અર્થાત્ મૂર્ખ ને સુજ્ઞ એવા તેમજ કુટિલ અને સરલ પ્રકૃતિવાળા દુર્જન અને સજ્જનોને ભયથી અને પ્રીતિથી સ્વસ્થતા (શાંતિ)ને માટે સમાનભાવે હું પ્રણામ કરૂં છું. આ પ્રમાણે નમસ્કાર કરીને હું ભવ્ય પ્રાણીઓના બોધને ( જ્ઞાનને ) માટે આ ધર્માખ્યાનમય ઉત્તમ ચરિત્રને રચવા ઈચ્છું છું. ( રચું છું. )

## હવે પ્રારંભમાં ધર્મનું સ્વરૂપ કહે છે.

ધર્મ સુખરૂપી લતાઓને ઉલ્લસાયમાન કરનાર છે, ધર્મ સંપત્તિરૂપી વૃક્ષોને મેઘસમાન છે, ધર્મ શ્રેયકારી છે, ધરા (પૃથ્વી) નો આધારભૂત છે અને ધર્મ સ્વર્ગ તેમજ મોક્ષને આપવાવાળો છે; તેથી પ્રાણીઓએ નિરંતર સુખને આપવાવાળો એ ધર્મ અવશ્ય સેવન કરવા યોગ્ય છે. તે ધર્મ દાન, શીલ, તપ ને ભાવ-એમ ચાર પ્રકારનો છે, તેમાં પણ તીર્થંકરોએ પ્રથમ દાનધર્મ કહેલો છે કે જે ધર્મના આરાધનથી ગૃહસ્થોનો મનુષ્ય જન્મ સફળ થાય છે. ભાવપૂર્વક સત્પાત્ર પ્રત્યે આપેલું આહારાદિકનું દાન આ ભવમાં સંપત્તિને આપનારૂં અને પરભવમાં સર્વ પ્રકારની વિપત્તિનો નાશ કરનારૂં થાય છે કે જેવી રીતે મધ્યાન્હે વિશાળ ભક્તિપૂર્વક સાધુને આપેલું અન્નદાન મિત્ર અને સ્ત્રી સહિત **સુમિત્રકુમારને** મહાફળનું આપનાર થયેલ છે.

તે **સુમિત્રકુમારનું** ચરિત્ર હવે કર્ત્તા કહે છે:—

આ પૃથ્વીતળ ઉપર જંબૂવૃક્ષરૂપ મયૂરછત્રથી મંડિત જંબૂ નામનો સર્વદ્વીપના મધ્યમાં સુશોભિત દ્વીપ છે. બાકીના સર્વે દ્વીપો અને સમુદ્રો, પોતાના ગુણોવડે જંબૂદ્વીપે જાણે જીતી લીધા ન હોય તેમ તેની ફરતા ચારે દિશાએ સેવાને માટે આવેલા સીમાડાના રાજાઓની જેમ ફરી વળેલા છે. તેના લક્ષણને કોણ જાણી શકે કે જે જંબૂદ્વીપ લાખ યોજનના વિસ્તારવાળો અને સાત વર્ષ (ક્ષેત્ર)વાળો હોવા છતાં પણ છ વર્ષધરવાળો છે એમ પંડિતો કહે છે. અર્થાત્ તે જંબૂદ્વીપમાં સાત ક્ષેત્રો છે ને છ તેની મધ્યમધ્યમાં રહેલા પર્વતો (વર્ષધરો) છે. તે દ્વીપમાં દક્ષિણ બાજુએ પ્રથમ **ભરત** નામનું ક્ષેત્ર અનંત ગુણોના સ્થાનરૂપ છે કે જ્યાં સત્પાત્રરૂપ શુદ્ધભૂમિમાં વાવેલું

વિત્તરૂપ બીજ અનંતગુણા ફળને આપનારૂં થાય છે. તે ભરત-ક્ષેત્રમાં **અંગ** નામના દેશમાં પૃથ્વીરૂપી સ્ત્રીના લલાટમાં તિલક સમાન અને સુશોભિત મુક્તાફળવડે અલંકૃત **ચંપા** નામની રમણિક નગરી છે. તે નગરીમાં રહેલા ધનધાન્યયુક્ત લોકોના શરીરના અને ગૃહોના ઐશ્વર્યપણાને જોઇને શું સ્વર્ગ ભૂમિપર આવેલ છે? એમ સજ્જનો કલ્પના કરે છે. તે નગરીમાં ત્રાસ, તાપ ને ગ્રહણ તો મણિ, સુવર્ણ અને ગુણોને વિષે જ છે અને દંડ છત્રને વિષે જ છે; ત્યાં રહેનારા લોકોમાં નથી. અર્થાત્ ત્રાસ એટલે વિંધાવું તે મણિને જ થાય છે, સોનાને જ તપાવાય છે અને ગુણોને જ ગ્રહણ કરવામાં આવે છે. ત્યાં રહેલી વિકસ્વર મુખકમળવાળી સ્ત્રીઓ નીલમણિના આંગણામાં ઉગેલી અને કાંતિના સમૂહરૂપ પય( પાણી )માં રહેલી કમલિની જેવી શોભે છે. તે નગરમાં સુકુમાર કરવાળો અને સર્વજનોને તેમજ શત્રુઓને પણ વલ્લભ એવો નિષ્કલંક **ધવળવાહન** નામનો રાજા છે.[1]

ઉપવનમાં વૃક્ષોની જેમ તે રાજામાં દાક્ષિણ્ય, ઔદાર્ય, ગાંભીર્ય અને સદ્ધૈર્ય વિગેરે ગુણો અન્યોન્ય અવલંબીને રહેલા છે. તે રાજાને **સંગ્રામ** પ્રમુખ બાવીશ પુત્રો કૈલાશમાં પ્રતિબિંબ પડવાથી જાણે ઇશ્વરના ( અગ્યાર રૂદ્રના ) દ્વિગુણિત રૂપ થયેલા હોય તેવા થયેલા છે.

તે રાજાને કલ્પવૃક્ષની શાખાઓની જેમ અનેક રાણીઓ છે, તેમાં એક **પ્રીતિમતી** નામની રાણી રાજાના સન્માન-વિનાની ( અણમાનિતી ) છે. ભાગ્યયોગથી તેની કુક્ષિમાં

---

૧ અહીં રાજાને સુકુમાળ કિરણોવાળા તારાઓને અતિ વલ્લભ અને નિષ્કલંક એવા ચંદ્રની ઉપમા આપી છે.

છીપમાં મોતીની જેમ કોઈ ઉત્તમ જીવ ગર્ભપણે આવીને ઉપજ્યો. ગર્ભસ્થિતિ પૂર્ણ થયે પૂર્વ દિશા જેમ સૂર્યને જન્મ આપે તેમ શુભ મુહૂર્ત્તે (ગ્રહ-નક્ષત્રાદિના સારા યોગવાળા સમયે) સર્વને આનંદ આપે એવા એક પુત્રને તે રાણીએ જન્મ આપ્યો. તે પુત્રની માતાના અપ્રિયપણાથી જન્મ પામેલા તે બાળકનો જન્મોત્સવ તો શેનો જ થાય પરંતુ તેનું નામ પણ રાજાએ પાડયું નહીં. તે જ દિવસે સચિવ (મંત્રી), આરક્ષક (કોટવાળ), પુરોહિત અને વાર્ધકી (બાંધકામખાતાના ઉપરી)ને પણ **સૂર**, **સીધર**, **સુત્રામ** ને **સાગર** નામના પુત્રો થયા. તે ચાર કુમારોની સાથે સદા પરવરેલો રાજકુમાર દાન, શીલ, તપ ને ભાવથી પરવરેલો પાંચમો સાક્ષાત્ ધર્મ જ હોય એવો દેખાતો હતો. બાલ્યાવસ્થામાં સ્નેહવાળા અને બાંધવની ઉપમાવાળા તે મિત્રોની સંગાતે ક્રીડા કરતાં તે રાજકુમારનું લોકોએ યથાર્થ **સુમિત્ર** એવું નામ પાડયું.

અન્યદા માતાએ તે સુમિત્રને કળા મેળવવા માટે કળાચાર્યને સોંપ્યો તે વખતે પ્રથમ બીજા રાજપુત્રો પણ ત્યાં અભ્યાસ કરવા માટે મૂકાયેલા હતા. તે રાજપુત્રો સુખમાં લાલિત થયેલા, મદોન્મત્ત, મહાદુર્લલિત અને સ્વેચ્છાચારી હોવાથી કળાભ્યાસ કરતા ન હતા. તેને આચાર્ય કાંઈ શિખામણ તરીકે કહેતા તો તે તરત જ સામું બોલતા હતા. મદવાળા અને દુર્જય એવા તે વચનમાત્રને પણ સહન કરતા ન હોતા. વળી તે રાજપુત્રો પોતાના આવાસે જઈને પોતાની માતાઓને આચાર્યે તાડન કર્યાનું કહેતા હતા જેથી ક્રોધાકુળ એવી તે માતાઓ કળાચાર્યની ઉપર અત્યંત

આક્રોશ કરતી હતી. આ પ્રમાણે થવાથી ઉન્માદને વશ થયેલા તે રાજપુત્રોની ગુરૂ નિરંતર ઉપેક્ષા જ કરતા હતા; કારણ કે સોનાની છરી પણ કાંઈ પોતાના પેટમાં મરાતી નથી.

સુમિત્રની માતા કળાચાર્યને સુમિત્રને માટે આગ્રહપૂર્વક કહેતી હતી કે-'તમારે પોતાના પુત્રની જેમ સુમિત્રને અભ્યાસ કરાવવો કે જેથી તે સર્વકળાને સારી રીતે જાણી-સમજી શકે.' ગુરૂ તાડન કરે તો પણ તે વિનીત સહન કરીને કળાભ્યાસ કરતો હતો, કારણ કે ગુરૂનું તાડન કળાની વૃદ્ધિ માટે થાય છે એમ તે સમજતો હતો. એનું મુખ્ય કારણ એનામાં વિનયગુણ હતો તે હતું. સૂર વિગેરે મંત્રી વિગેરેના પુત્રો પણ તે જ ગુરૂની પાસે પોતપોતાના કુળને ઉચિત સર્વકળાઓ પ્રયત્નવડે શીખતા હતા. એ પ્રમાણે અભ્યાસ કરતાં થોડા કાળમાં જ તે પાંચે વિદ્યાર્થીઓ અનુક્રમે શસ્ત્ર-શાસ્ત્રાદિની રમ્ય એવી સર્વ કળાઓ શીખ્યા. ચાર સમાન મિત્રોથી પરવરેલા તે ઉદાર ચરિત્રવાળા અને રૂપલાવણ્યશાળી એવા કુમારને જોઇને સર્વે જનો જેમ જેમ તેની પ્રશંસા કરતા હતા તેમ તેમ તે સાંભળીને બાવીશ રાજકુમારો પોતાના મનમાં ખેદ ધારણ કરતા હતા.

સુમિત્રની માતા હમેશાં વિચારતી હતી કે-'મારા પુત્રને કોઇ પ્રકારનું વિઘ્ન ન થાઓ.' એવામાં તે નગરમાં કોઈ સિદ્ધપુરૂષ આવ્યા. તેને બોલાવીને તેણે પોતાના પુત્રના હિતની ઇચ્છાથી 'તમે કાંઇ રક્ષાવિધાન જાણો છો કે નહીં?' એમ પૂછ્યું. ત્યારે તેણે કહ્યું કે-'હું જાણું છું.' રાણીએ કહ્યું કે-'તો હે બાંધવ! તમે એવું રક્ષાવિધાન કરી આપો કે જેથી મારો પુત્ર કોઇપણ વખતે આપત્તિથી પીડાય નહીં' પછી

તે સિદ્ધપુરૂષે સુમિત્રની જન્મપત્રિકા મગાવી જોઇને તેને ભવિષ્યમાં અનેક આપત્તિવાળો જાણીને તેનું રક્ષાવિધાન કરી આપ્યું. પછી દાનમાનાદિથી સંતુષ્ટ થયેલા તે સિદ્ધપુરૂષે રક્ષાવિધાન આપતાં કહ્યું કે–" તમારા પુત્રને પૂર્વકૃતકર્મના પ્રભાવથી અનેક પ્રકારની આપત્તિઓ આવશે, તેથી તેણે આ રક્ષાવિધાન કાયમ પોતાની પાસે યત્નપૂર્વક જાળવીને રાખવું, જેથી તેને કોઈપણ આપત્તિથી ભય પ્રાપ્ત થશે નહીં. આ રક્ષાવિધાન જશે, ખોવાશે કે નાશ પામશે તો તેને કાદવવાળા જળાશયમાં ખૂંચી જવાથી ગાયની જેમ અનેક આપત્તિઓ હેરાન કરશે. બાકી આ રક્ષાવિધાન પાસે રાખવાથી તારો કુમાર અવશ્ય નિરંતર સુરાસુરો તેમજ નરેંદ્રોથી પણ અજેય થશે."

આ પ્રમાણે કહીને તે સિદ્ધપુરૂષ ગયે સતે ખડગની મુઠમાં તે રક્ષાવિધાન ગોપવીને માતાએ પુત્ર પ્રત્યે કહ્યું કે– 'હે વત્સ! મારૂં વચન સાંભળ. આ તારી તલવારની મુઠમાં મેં સિદ્ધનું કરી આપેલું મહા પ્રભાવવાળું મહા અદ્‌ભુત રક્ષાવિધાન ગોપવેલું છે.' એટલે પુત્રે આદરપૂર્વક માતાને પૂછ્યું કે–'તેનો પ્રભાવ શું છે?' એટલે તેણે સિદ્ધના કહ્યા પ્રમાણે સર્વ વાત કહી અને પછી કહ્યું કે–'આટલા માટે મુઠમાં રાખેલું આ અદ્‌ભૂત રક્ષાવિધાન તારે યત્નપૂર્વક જાળવવું. આ ખડગ તારે ક્ષણમાત્ર પણ તારાથી છેટું રાખવું નહીં; કાયમ પાસે જ રાખવું.' આવી સર્વ દુઃખોને હરનારી અને અમૃતના નિર્ઝરણા જેવી માતાની વાણી સાંભળીને તેણે તે વાત સદ્‌ગુરૂના કહેલા વચનોની જેમ અંગીકાર કરી.

સુમિત્રકુમાર બાલ્યવયનું ઉલ્લંઘન કરીને અનુક્રમે યૌવન-રૂપી આકાશમાં આરૂઢ થયો. તે વખતે ચિત્તરૂપ તળાવડીમાં

હંસની જેમ કોણ પ્રતિબિંબીત થતું નથી. સૂરવિગેરે મિત્રોની સાથે નગરમાં સ્થાને સ્થાને તે સ્વેચ્છાચારીપણે ફરવા લાગ્યો. તે વખતે સુશીલ ( સદાચારી ), ભાગ્ય સૌભાગ્યરૂપ લક્ષ્મીવડે સેવાતા સુંદર શરીરવાળો, રૂપે કરીને કામદેવને પણ જીતનારો તે કુમાર નિર્વિકારીપણે ફરતો હતો; પરંતુ નગરના જે જે માર્ગે તે કુમાર ફરતો હતો તે તે માર્ગે પોતપોતાના કાર્યો તજી દઇને તેના રૂપથી મોહિત થઇ, લજ્જા તજી દઈ અનેક કામિનીઓ પોતાને ઘરેથી નીકળી શીઘ્ર તેની પાસે આવીને સવિકાર દૃષ્ટિથી તેને જોતી હતી. એટલે તે લાગ જોઇને ધનની લાલસાવાળા ચોર લોકો તે તે શૂન્ય ગૃહોમાંથી સર્વસ્વ ચોરી જતા હતા. આ પ્રમાણે બનવાથી સર્વે મહાજને એકત્ર થઈ રાજા પાસે જઈ પોતાના ઘરનું અને સુમિત્રનું ચરિત્ર નિવેદન કરીને કહ્યું કે-' હે રાજન્! જો તમારે મહાજન સાથે કાર્ય હોય તો કુમારને લીલાવડે ફરતો બંધ કરો.' તે વખતે અવસર પામીને સંગ્રામ વિગેરે બીજા રાજપુત્રોએ પણ પિતાની સમક્ષ સુમિત્રના શત્રુ જેવા થઇને તેની ઉપર મિ દોષનું નિરૂપણ કર્યું. આ પ્રમાણે મહાજનની તેમજ પુત્રોની વાત સાંભળીને પ્રથમથી જ તે પુત્ર અપ્રિય હોવાથી રાજા તેની ઉપર અત્યંત કોપાયમાન થયો. પછી મહાજનને રજા આપીને ક્રોધવડે ધમધમેલા શરીરવાળા રાજાએ સુમિત્રને બોલાવી ભયંકર ભૃકુટીવાળા થઇને કહ્યું કે-' હે દુષ્ટબુદ્ધિના ભંડાર! મારા મહાજનોનું અનિષ્ટ કરનાર! તારે ક્ષણમાત્ર પણ મારી ભૂમિમાં કોઇ સ્થળે રહેવું નહીં.'

આ પ્રમાણેનો પિતાનો આદેશ મેળવીને કુમાર માતાપાસે આવ્યો અને તે હકીકત માતાને નિવેદન કરી, એટલે માતા

પણ તે સાંભળીને જેના નેત્રોમાં અશ્રુ આવેલ છે તેવી અત્યંત દુઃખી થઈ. માતાને આ પ્રમાણે દુઃખી થયેલી જોઈને સુમિત્રે કહ્યું કે–' હે માતા ! તમે શા માટે દુઃખી થાઓ છો અને ખેદ કરો છો ? મને આજ્ઞા આપો એટલે હું દેશાંતર જાઉં.' માતા કહે છે કે–' હે વત્સ ! જો તું દેશાંતર જઇશ તો હું પણ તારી સાથે આવીશ, કેમકે હું તારા વિના અહીં રહેવાને અસમર્થ છું.' સુમિત્ર માતાને કહે છે કે–' હે માતા ! તમારે તો અહીં જ રહેવું યોગ્ય છે, કારણ કે અન્યાન્ય દેશો વિષમ હોય છે અને તમારૂં શરીર અતિ સુકોમળ છે. મારે તો મારા પિતાનો આદેશ સર્વથા માન્ય રાખવો પડશે, કારણ કે તેમ ન કરૂં તો રાજા મારા પ્રાણ હરે. રાજા કોઇના મિત્ર હોતા નથી. આ પ્રમાણે કહીને સાથે આવવાને ઇચ્છતી માતાનું મધુર વચનવડે નિવારણ કરી પરમ ભક્તિથી તેને પ્રણામ કરી, અવિઘ્નકારી એવી તેની આશીષ મેળવી સુર, સીધર, સુત્રામ ને સાગર એ ચારે મિત્રોની સાથે ખડ્ગને સહાયકપણે લઇને તે નગરની બહાર નીકળ્યો.

પછી ઉત્તરદિશા તરફ આવતાં ઘણા ગામો અને નગરોવાળી અને અનેક પ્રકારના આશ્ચર્યોવાળી પૃથ્વીને જોતાં અનુક્રમે કાષ્ટ તેમજ પાષાણને પણ ખેંચી જનારી, અતિ વેગવાળી, અતિ ગંભીર અને દુઃખે તરવા યોગ્ય એક નદી દુર્દશાની જેમ તેઓની નજરે પડી. તે વખતે ત્યાં જળની અંદર જોઈ રહેનાર કોઈક મનુષ્યને તે નદીના તટ ઉપર રહેલો તેઓએ જોયો. એટલે તેની પાસે જઇને તેમણે પૂછ્યું કે–' તું આમાં શું જુએ છે ?' તે બોલ્યો કે–' મારો બળદ આજે રાત્રે મારે ઘેરથી ચોરોએ હરણ કરેલ છે તેનું પગલું હું જળમાં

જોઉં છું.' તે સાંભળીને ફરીને તેને કહ્યું કે-'હે મુગ્ધ! આવા અત્યંત ઉંડા પાણીમાં તેનું પગલું શી રીતે દેખી શકાય?' તે બોલ્યો કે-'અરે મૂઢ! વિદ્યા, મણિ ને મહૌષધિવડે હસ્તામલકની જેમ આખી પૃથ્વી જોઈ શકાય છે.' કુમારોએ કહ્યું કે-'તે સાચું છે, પરંતુ હે સમર્થ! દૃષ્ટિને અગોચર એવું તે ચોરનું પગલું આ પાણીમાં શી રીતે દેખી શકાય? તે કહે.' પેલો મનુષ્ય બોલ્યો કે-'મારી પાસે ગુરૂની આપેલી વિદ્યા છે કે જેના પ્રભાવથી છ મહીના પર્યંત દ્વિપદ-ચતુષ્પદનું પગલું સર્વત્ર જોઈ શકાય છે.'

આ પ્રમાણે સાંભળીને વિસ્મિત લોચનવાળા તે કુમારો "અહો આશ્ચર્યકારક, અહો આશ્ચર્યકારક!" એમ માંહોમાંહે બોલવા લાગ્યા. તે અવસરે કોટવાળના પુત્ર **સીધરે** **સુમિત્ર** રાજપુત્રને કહ્યું કે-'હે કુમાર! કયા પ્રકારે આ વિદ્યા આપે તેમ તમે પૂછો.' સુમિત્રે મિત્રના આગ્રહથી વિનયપૂર્વક પૂછયું કે-"આપ ઉપકારીથી આ વિદ્યા કોઇને આપી શકાય તેમ છે કે નહિ?" ત્યારે તે બોલ્યો કે-'હું વૃદ્ધ થયો છું અને તેથી નિરંતર હૃદયમાં વિચારૂં છું કે જો કોઇ સુપાત્ર મળે તો તે વિદ્યા તેને સુપ્રત કરૂં, પરંતુ ઘણા કાળ સુધી પરીક્ષા કર્યા બાદ હું જરૂર આપું. વિદ્યારત્ન પરીક્ષા કર્યા વિના કોઇને પણ આપી શકાય નહીં.' એ પ્રમાણે સાંભળીને **સીધરે** સુમિત્રને કહ્યું કે-'મહારાજ! જો આપની આજ્ઞા હોય તો હું અહીં રહીને વિદ્યા ગ્રહણ કરૂં. વળી હું તો નિરંતર તમારો કાર્યકારી છું તેથી મારી પાસે જે હશે તે આપને જ કામ લાગશે.' **સુમિત્રે** કહ્યું કે-'હે મિત્ર! તેં સત્ય કહ્યું, પરંતુ તારો વિયોગ સહન કરવાને હું સમર્થ

નથી; તેથી તને કેવી રીતે રજા આપી શકું ?' સુધીરે કહ્યું- 'જો કે એમ છે તો પણ અહીં લાભાલાભનો વિચાર કરવા યોગ્ય છે, કારણ કે અપૂર્વ વિદ્યા મેળવવા માટે આવો યોગ વારંવાર મળી શકતો નથી; તેથી વિનયાદિ ગુણોવડે આને આરાધીને છ મહીનાની અંદર વિદ્યા મેળવી હું તમારી પાસે જરૂર આવીશ, તેથી પ્રસન્ન થઇને મને આજ્ઞા આપો.' કુમાર વિચારજ્ઞ હોવાથી તે બુદ્ધિમાનના વચનો સાંભળીને તેનો વિયોગ સહન કરવાને અસમર્થ છતાં તે વખતે તેને ત્યાં રહેવાની રજા આપી. પછી તેના નિમિત્તે પેલા વિદ્યાસિદ્ધને વિનંતિપૂર્વક કહ્યું કે-' હે સ્વામિન્ ! તમારી પાસે રહેનાર આ મારો મિત્ર વિદ્યા મેળવવામાં સફળ થાઓ. ' વિદ્યાસિદ્ધે તે વાત સ્વીકારી એટલે પછી સીધરને ત્યાં મૂકીને બાકીના મિત્રો સાથે વિશાળ બુદ્ધિમાન્ કુમાર આગળ ચાલ્યો.

એ પ્રમાણે ઘણા દૂર દેશમાં ગમન કરતાં એક જગ્યાએ તરતમાં જ યુદ્ધ થયેલી રણભૂમિ જોઇ. તે રૂધિરવડે પથરાયેલી હતી, ચોતરફ કપાઇ ગયેલા હાથ, પગ, શરીર અને મસ્તકો- વડે વ્યાપ્ત હતી, તેમજ શીયાળો અને ગીધ વિગેરે પક્ષીઓ ત્યાં ફરી રહ્યા હતા. તેવી રણભૂમિમાં ધોયેલા વસ્ત્ર પહેરેલો, યજ્ઞોપવીત ધારણ કરેલા શ્રેષ્ઠ શરીરવાળો, સવિશેષ સ્નાન કરેલો, દર્ભની મુદ્રાઓવડે અંકિત આંગળીઓવાળો કોઇ દ્વિજ મરણ પામેલા મનુષ્યોના રૂંડમુંડોને આમતેમ ફેરવતો ને જોતો નાના જળાશયમાં રહેલા કરચલાની જેવો તેમણે દીઠો. તેને એ પ્રમાણે કરતો જોઇને સુમિત્રે પૂછ્યું કે-' હે વિપ્ર ! આવા અપવિત્ર સ્થળે અધમ જનોને યોગ્ય એવું કુત્સિત કાર્ય તમે શા માટે કરો છો ? ' બ્રાહ્મણ બોલ્યો કે-" હે કુમાર !

તું અજ્ઞાત હોવાથી આ પ્રમાણે પૂછે છે; પરંતુ જીવદયારૂપ ધર્મ સર્વ ધર્મમાં ઉત્તમ કહેલો છે." સુમિત્રે કહ્યું કે-' હે વિપ્ર ! તે વાત સાચી છે પરંતુ અહીં જીવદયા શું છે ? ' તે બોલ્યો કે-' સાંભળ ! સદ્ધર્મકર્મમાં સ્થિત થયેલા મનુષ્યોમાં શ્રેષ્ઠ એવો હું ગુરૂપ્રસાદથી પ્રાપ્ત થયેલી સંજીવિની વિદ્યાવડે આ મનુષ્યોના પોતપોતાના અવયવોને જોડી દઇને તેને જીવતા કરીશ. ' તેના આવા વચનો સાંભળીને કૌતુકપ્રિય એવા તે તેની કૃતિ જોવા માટે ત્યાં ઉભા રહ્યા-રોકાણા. એટલે પેલા વિપ્રે મુચ્છિત એવા સુભટોના શરીરના વિભાગો વારંવાર ગ્રહણ કરીને હાથ-પગ વિગેરે અંગોને તેના શરીર સાથે અને અર્ધ કાપેલા એવા કબંધોને તેના મસ્તક સાથે જોડી દઇને અનેક મનુષ્યોને અને હાથી-ઘોડા વિગેરે ઘણા પ્રાણીઓને લોહીવડે ખરડાયેલા પોતાના હાથવડે ક્ષણમાત્રમાં જીવતા કર્યા.

આ પ્રમાણે જોઇને તે સર્વે આશ્ચર્ય પામ્યા સતા પરસ્પર બોલવા લાગ્યા કે-' કે આ ભૂદેવપાસે આ વિદ્યા અમૃતની જેવી રમ્ય છે.' પછી પુરોહિતપુત્રના આગ્રહથી સુમિત્રે તે વિપ્રને મધુર વાણીવડે પૂછ્યું કે-' હે ઉત્તમ દ્વિજ ! આ શ્રેષ્ઠ વિદ્યા તમે કોઇને આપો ખરા ? ' તે વિપ્ર બોલ્યો કે-' હે કુમારેંદ્ર ! ઉત્તમ વિદ્યા કન્યાની જેમ કોઇકને આપવી જ પડે, પણ તે અપરીક્ષિત મનુષ્યને આપું નહીં. પરિચયવડે પરીક્ષા કર્યા પછી આપું.' આ પ્રમાણે સાંભળીને કોમળ વાણીવાળો અને પ્રખર બુદ્ધિમાન પુરોહિતપુત્ર સુત્રામ તે વિદ્યા ગ્રહણ કરવા નિમિત્તે તે વિદ્યાવાળા વિપ્રની પાસે રહ્યો. તે વખતે તારે શીઘ્ર આવીને મને મળવું, એમ મંત્રની જેવી શિક્ષા રાજપુત્રે તેના કાનમાં કહી. ગદ્ગદ વાણીવડે

તેને આજ્ઞા આપીને તેનો વિયોગ સહન કરવાને અશકત અને વિશાળ નેત્રવાળો તે **સુમિત્રકુમાર સૂર** ને **સાગરની** સંગાતે ત્યાંથી આગળ ચાલ્યો. પૃથ્વીતળ ઉપર અનેક પ્રકારના વિચિત્ર કૌતુકોને જોતા જોતા તેઓ એક સારા સ્થાનવાળા સન્નિવેશની પાસે પહોંચ્યા. ત્યાં તેમણે એક વયોવૃદ્ધ સુતારને હાથમાં વાંસલો લઇને એક મોટા કાષ્ટને ઘડતો જોયો. તેને કુમારે પૂછયું કે-' હે સૂત્રધાર શિરોમણિ ! આ કાષ્ટ તમે શા માટે ઘડો છો ? ' તે બોલ્યો કે-' આકાશગામી વાહન બનાવવા માટે હું ઘડું છું.' કુમારે પૂછયું કે-' કાષ્ટમય રથ આકાશગમન શી રીતે કરી શકે ? ' ત્યારે સૂત્રધાર બોલ્યો કે-' હે કુમારેશ ! મારી પાસે રહેલી વિદ્યાના બળથી આકાશગમન કરે.' **સુમિત્રે** પોતાના અભિષ્ટ મિત્ર **સાગર** નામે સૂત્રધારપુત્રના આગ્રહથી પૂછયું કે-' હે સૂત્રધાર ! તમે એ વિદ્યા યોગ્યને આપો ખરા ? ' સૂત્રધારે કહ્યું-' યોગ્યને કેમ ન આપું ? પણ મારી સાથે કેટલોક કાળ રહે, હું પરીક્ષા કરૂં અને પછી આપું.' આ પ્રમાણે સાંભળીને કુમારની આજ્ઞા લઇ **સાગર** ત્યાં રહ્યો અને કહ્યું કે-' આમની પાસેથી તમારે માટે આ વિદ્યા મેળવીને હું શીઘ્ર તમારી પાસે આવીશ. ' **સુમિત્ર** તે પ્રીતિપાત્ર મિત્રને પણ ત્યાં મૂકીને જિતસૂર એવા **સૂર**ની સાથે તેનાથી સેવાતો સતો આગળ ચાલ્યો.

અનુક્રમે તેઓ **પુષ્પપુર** નામના શ્રેષ્ઠ નગરની સમીપે પહોંચ્યા. ત્યાં સમીપ ભાગમાં જ એક મનોહર સત્રાગાર (દાનશાળા) તેમણે જોઈ. ત્યાં તેમણે ઉલ્લસાયમાન આકૃતિવાળા, કમળના પત્ર સમાન લોચનવાળા, દયારૂપ અમૃતથી સંપૂર્ણ અને વિશ્વવત્સળ એવા એક પુરૂષને જોયો કે જે પુરૂષ પોતાની

સમીપમાં રહેલા સોના–રૂપાના નીબીડ અક્ષયપાત્રમાંથી કાઢી-કાઢીને સ્વાદિષ્ટ મોદકાદિવડે તેમજ ષડ્રસ ભોજનવડે હજારો જનોને બોલાવી બોલાવીને ભક્તિપૂર્વક જમાડતો હતો. આ પ્રમાણે નિરંતર કરતા એવા તેને કેટલાક વખત સુધી જોઇને તેનું સ્વરૂપ બરાબર સમજીને કેટલેક વિલંબે વિસ્મયકારી વચનોવડે **સુમિત્રે** પૂછયું કે–' હે સાધુપુરૂષ ! આપનું નામ શું ? તે કહો અને સારા કુવાના નિર્મળ પાણીની જેમ તમા-રાથી વારંવાર મનુષ્યોની વાંછા પૂર્ણ કરવાને માટે સારા ગંધવાળો અને શુભ રસવાળો ચાર પ્રકારનો આહાર દેવાતા છતાં કેમ અક્ષય--અખૂટ જોવાય છે ? તે જણાવો. ' આ પ્રમાણે સામ્યતા યુક્ત વચનો સાંભળીને દાંતના કિરણોને વિસ્તારતો **તે** બોલ્યો કે--' હે કુમાર ! આશ્ચર્યને પ્રગટાવનારૂં મારૂં સ્વરૂપ તમે સાંભળોઃ—

" આજ નગરમાં **ધન** નામનો શ્રેષ્ઠ વ્યવહારી વસતો હતો. તેનો હું **વરદત્ત** નામનો ગુણયુક્ત પુત્ર છું. કરેલા પૂર્વકર્મના ઉદય બળે મને બાલ્યાવસ્થામાં જ માતા--પિતાના વિયોગનું દુઃખ પ્રાપ્ત થયું. ત્યારબાદ ભાગ્યદેવીની અવકૃપાથી મારી સર્વ સંપત્તિ પણ નાશ પામી. અનુક્રમે હું પોતાને યુવાવસ્થા પ્રાપ્ત થયેલો જાણીને કન્યાની ઇચ્છાની જેમ ધનની ઇચ્છાવડે સુવર્ણ મેળવવા સારૂ ચાલી નીકળ્યો. પૂર્વદિશામાં ઘણે દૂર જતાં અતિસારના રોગવાળો કોઈ સિદ્ધપુરૂષ વનમાં રહેતો હતો તેને મેં ભક્તિપૂર્વક શુશ્રૂષા કરીને નિરોગી કર્યો, તેથી પ્રસન્ન થયેલા તેમણે મને અક્ષયપાત્રની વિદ્યા આપી, જેના પ્રભાવથી બધી વસ્તુઓ અક્ષય–અખૂટ થઈ જાય છે. હે વિશાળાક્ષ ! કલ્પવૃક્ષની જેવી તે વિદ્યા

પામીને હું તે સિદ્ધને નમસ્કાર કરીને પગે ચાલતો અહીં પાછો આવ્યો. અન્નને જેમ શાક શોભાવે છે તેમ મનુષ્ય શરીરનું ભૂષણ દાન છે. અન્ય ગુણો તો કેવળ તેના પરિવાર-ભૂત જ છે. દાન એક જ આ જગતમાં શ્રેષ્ઠ છે. તે વિનાનો મનુષ્ય મહર્દ્ધિક હોય તો પણ દુધ વિનાની સ્થૂળ (જાડી) ગાયની જેમ મૂલ્યહીન ગણાય છે. ધૈર્ય શૌર્યાદિક ગુણો તો સામાન્ય હાથી અને વરાહાદિકમાં પણ દેખાય છે, પરંતુ દાન એટલે મદનું ઝરવું તો મોટા ગજેંદ્રમાં જ હોય છે. ધન, શરીર, પરિવારાદિ સર્વ કાળે કરીને વિનાશ પામે છે, પરંતુ દાનવડે જનોમાં મેળવેલી કીર્તિ એક જ નિશ્ચળ-વિનાશ ન પામે એવી છે. માત્ર સંગ્રહ કરવામાં જ તત્પર એવો સમુદ્ર પણ રસાતળમાં ગયેલો છે, અને દાતા એવો પયોધર (વરસાદ) સર્વની ઉપર આકાશમાં રહીને ગાજે છે. તે કળા, તે વિદ્યા અને તે બુદ્ધિ જ સફળ છે કે જેના વડે અર્થી-જનોની શ્રેણીના મનોરથોને પૂરી શકાય. આ પ્રમાણે વિચારીને હે દયાળુ કુમાર ! પ્રાણી ઉપરની દયાને લઇ હું વિદ્યાના બળથી નિરંતર દાન આપું છું.”

સુમિત્રકુમાર આદરપૂર્વક તેની મધુર વાણીનું પાન કરીને બોલ્યો કે-‘ સારૂ, સારૂ, બહુ સારૂ, તમે દાનવડે જગતને જીતી લીધું છે.’ આમ કહીને પછી મિત્રની પ્રેરણાથી સુમિત્રે તે દાતારને પૂછ્યું કે-‘ આ તમારી અક્ષયપાત્રની વિદ્યા કોઈને દાન આપવા યોગ્ય છે કે નહીં ?’ તે સાંભળીને રૂપ-વડે જેણે કામદેવને જીત્યો છે એવો તે પુરૂષ બોલ્યો કે-‘ હે કુમાર ! કેટલાક કાળ સુધી પાસે રાખીને પરીક્ષા કર્યા પછી આ અદ્દભુત વિદ્યા આપી શકાય તેમ છે.’ આ પ્રમાણેનો

ઉત્તર સાંભળીને વિશ્વજનનું ઇષ્ટ કરનારી આ વિદ્યા મેળવવાની ઇચ્છાથી સૂર નામનો મિત્ર કુમારની રજા લઇને તે વિદ્યાધારીની પાસે રહ્યો.

આ પ્રમાણે ચારે મિત્રોથી વિયુક્ત થયેલો કુમાર ચાર લોકપાળ વિનાના ઇંદ્રની જેમ માત્ર ખડ્ગ ધારણ કરીને ત્યાંથી આગળ ચાલ્યો. માર્ગમાં એક અતિશય મોટું વન આવ્યું કે જે વનમાં તમાલ, તાલ, હિંતાલ, રસાલ અને સરલ તથા પિપ્પળ, પ્લક્ષ, વડ, ઉદુંબર વિગેરે અનેક જાતિના વૃક્ષો હતા, આકાશને જાણે અડતા ન હોય એવા ઉંચા શિખરવાળા પર્વતો હતા, જળવડે ભરપૂર તરી ન શકાય તેવી નદીઓ હતી, સિંહ, વાઘ, હાથી અને દીપડા વિગેરે અનેક હિંસક પશુઓ હતા, ચોર, નીર અને અગ્નિ વિગેરેથી વ્યાપ્ત હતું, વળી સૂર્ય પણ જેને જોઇ ન શકે એવી રાજાની રાણીઓની જેમ સૂર્યનો પ્રકાશ પણ તે વનમાં પડતો નહતો. એવા ભયંકર કાનન (વન) નું માત્ર ખડ્ગ જ જેના હાથમાં છે એવા કુમારે સુખપૂર્વક ઉલ્લંઘન કર્યું. આગળ ચાલતાં તેણે એક નગર જોયું કે જેમાં ધનથી ભરેલી દુકાનો અને મંદિરો (ઘરો) હતા, શહેર રમણિક હતું પરંતુ મનુષ્ય વિનાનું હતું. તેવું નગર જોઇ વિસ્મય પામીને તેણે તે નગરમાં પ્રવેશ કર્યો. તે નગરમાં મનોહર એવી હવેલીઓ અને પ્રાસાદો જોતો જોતો તે વિસ્મય સહિત બધે ફર્યો પરંતુ કોઇ મનુષ્ય તેને મળ્યું નહીં. અનુક્રમે તે રાજકુલમાં ગયો અને મનોહર એવા રાજમંદિર ઉપર ચડવા લાગ્યો. કેટલાક માળ ચડ્યો એટલે તેણે ત્યાં એક હીંડોળા ઉપર રહેલી બીલાડી દીઠી. તેની નજીકના નાગદંતા (ખીલી) સાથે લટકાવેલી બે તુંબડીઓ દીઠી કે જે અંજન-

વડે ભરપૂર અખંડિત મહાપ્રાણ જેવી હતી. કૌતુકવડે તેમાંની એક તુંબડી લઈ ઉઘાડીને તેમાં રહેલું અંજન તેણે પેલી બીલાડીની આંખમાં આંજ્યું એટલે તે તરતજ કન્યા બની ગઈ. તે વખતે પ્રત્યક્ષ અંગધારી થઈને આવેલા કામદેવ જેવા તે કુમારને જોઇને હર્ષવડે ઉલ્લસિત મનવાળી તે કન્યા ચિંતવવા લાગી કે–" અહો ! કંકેલ્લિ વૃક્ષના પલ્લવ જેવા રક્ત અને સુકોમળ આના ચરણો છે. અહો! આનો કાંતિનો સમૂહ નખરૂપી દર્પણમાં સ્ફુરી રહ્યો છે. અહો ! હાથીની સુંઢ જેવા મનોરમ આના ઉરૂયુગ્મ છે. અહો ! આનો કટી-તટનો આભોગ સુંદર છે. એની નાભીની ગંભીરતા પ્રશંસનીય છે. એનો મધ્યભાગ ( કટી ) મુષ્ટિગ્રાહ્ય છે. ત્રિવલીથી મંડિત સુકોમળ ઉદર છે. વિસ્તિર્ણ વક્ષસ્થળ છે કે જેની ઉપર કોઈ ધન્ય સ્ત્રી શયન કરી શકે તેમ છે. આના દીર્ઘ એવા ભુજા-દંડ છે તે કોના ગળે લાગશે? શંખની જેવા કંઠરૂપ કંદળ ઉપર ત્રણ રેખાઓ શોભી રહી છે. પરવાળાના રંગ જેવા રક્ત એના હોઠ છે કે જે મને જોવા માટે તેના હૃદયમાંથી જાણે બહાર આવ્યા ન હોય એવા લાગે છે. નાસિકા સરલ અને રમ્ય છે. કપોળ દર્પણ જેવા છે. નેત્ર કાન સુધી પહોંચેલા છે. કાનો સ્કંધને અડે તેવા છે. માથે રહેલો કેશપાશ ભ્રમર જેવો શ્યામ છે તે સુસ્નિગ્ધ, ગુચ્છાદાર અને મનોહર મોરના કલાપ જેવો લાગે છે." સર્વાંગસુંદર એવા તે કુમારને જોતી તે કુમારી ચિત્રમાં આળેખાયેલાની જેમ નિશ્ચલ ઉભી રહી.

સુમિત્ર કુમાર પણ હીંડોળાપર રહેલી તેને જોતાં મનમાં વિચારે છે કે–બિલાડીના સ્થાને આ અપ્સરા કયાંથી? અહો શું એનું રૂપ છે? અરે એની લીલા ( ચેષ્ટા )ની મનો-

જ્ઞતા પણ કેવી છે! આંખને પ્રિય લાગે એવું લાવણ્ય બધા અંગોપાંગમાં ઉલ્લસિત છે. સર્પની જેવા વાંકા એના કેશ છે. મધ્યભાગ માઠા ચિત્તની જેવો તુચ્છ છે. હૃદયમાં રહેલા ઉચ્ચ મનોરથની જેવા ઉંચા એના સ્તનયુગલ છે. સાધુજનની ચિત્ત-વૃત્તિની જેવી સરલ એની નાસિકા છે. સજ્જનોના મૈત્રીભાવ જેવો પ્રલંબ એનો કેશપાશ છે. રાગિણીના માનસની જેવા સ્નિગ્ધ એના બે લોચન છે. દુર્જનના કૃત્યની જેવો વક્ર એનો કટાક્ષાલોક છે. પ્રવાળના દળ જેવા રક્ત એના અધરપલ્લવ શોભે છે. જગત્ત્રયનો જય મેળવવાથી મળેલી હોય એવી એના ગળે ત્રણ રેખાઓ છે. સુવર્ણના શાલિગ્રામની જેવું એના શરીરમાં સૌકુમાર્ય છે. કેળના સ્તંભ જેવું એનું જંઘાયુગ્મ છે અને મંજુલ એનું ચલન છે.

આ પ્રમાણે સર્વાંગસુંદર એવી તેને જોઇને ગાઢ અનુ-રાગવાળી દૃષ્ટિવડે જોતો કુમાર તેને બોલાવવા જાય છે તેવામાં તે સ્ત્રી જ બોલી કે–' તમે કોણ છો ? ક્યાંથી આવો છો ? ' કુમારે કહ્યું કે--' હું ક્ષત્રીય છું અને ભાગ્યયોગથી દૂર દેશથી અહીં આવ્યો છું. ' આ પ્રમાણે કહીને કુમારે સુંદર વાણીવડે તેને પૂછયું કે–' વિશ્વમ અલંકારભૂત એવું આ નગર શૂન્ય કેમ છે ? વળી તું આવા રૂપવડે લક્ષ્મીને પણ જીતનારી આ નિર્માનુષ્ય નગરમાં એકલી કેમ રહે છે ?' ત્યારે કન્યા બોલી કે--' હે સાભાગ્યસાગર ! આ નગરનો ને મારો મૂળથી છેડા સુધીનો સર્વ વૃત્તાંત હું કહું છું તે સાંભળો.

આ **શ્રીકનક** નામનું નગરના ગુણોવાળું નગર છે કે જે ચૈત્યપર રહેલી ધ્વજાઓની શોભાવડે જાણે દેવનગરની તર્જના કરતું ન હોય. આ નગરમાં સ્વરૂપવડે કામદેવને

જીતનારો **શ્રીકનકધ્વજ** નામનો રાજા હતો. તે પોતે ત્રાસ વિનાનો છતાં શત્રુવર્ગને તેણે ત્રાસ પમાડયો હતો. તે રાજાને સુવર્ણ જેવા વર્ણવાળી **કનકમંજરી** નામે પ્રિયા હતી. તેની કુક્ષિથી ઉત્પન્ન થયેલી **પ્રિયંગુમંજરી** નામે હું તેની પુત્રી છું. હું બાલ્યાવસ્થાથી મારા માતાપિતાને પ્રાણથી પણ વહાલી હતી. અનુક્રમે કળાસમૂહમાં કુશળ એવી હું યૌવનાવસ્થા પામી, એવામાં પૂર્વભવના વૈરી એવા કોઈ રાક્ષસે આવીને મારા પિતા, રાણીઓ, પ્રધાન અને પુરોહિતનો વધ કર્યો. એટલે લોકો આ નગર અને દેશને તજી દઇને દિશામૂઢ થઈ ગયેલાની જેમ ચારે દિશાએ પલાયન કરી ગયા; તેથી આ નગર ઋદ્ધિવડે અલંકૃત છતાં પણ શૂન્ય થઇ ગયું છે. તે વખતે હું પણ નાસી જતી હતી તેને આ રાક્ષસે અટકાવીને અનુરાગીપણે કહ્યું કે-' જો તું ભાગી જઈશ તો હું તને મારી નાખીશ; તેથી તારે ભાગી જવું નહીં અને મારો ભય પણ રાખવો નહીં. હું તને શુભ લગ્ન સમયે અહીં જ હર્ષવડે પરણીશ.' આ પ્રમાણે કહીને તેને નહીં ઈચ્છતી એવી મને તેણે બળાત્કારે અહીં રાખી. તે આ એક તુંબમાંહેના અંજનવડે મને બીલાડી બનાવીને જાય છે અને બીજા તુંબના અંજનવડે પાછો આવે છે ત્યારે મને કન્યા બનાવે છે. આ પ્રમાણેની મારી સ્થિતિ છે. તે રાક્ષસ દરરોજ દિવસે કોઇપણ સ્થળે જાય છે અને રાત્રે પાછો આવે છે. આ પ્રમાણે મારા દિવસો વ્યતિક્રમે છે.

એક દિવસ મેં તેને પૂછયું કે-' તમે કોણ છો ? દેવ છો કે મનુષ્ય છો ?' તે બોલ્યો કે-" સાંભળ ! વૈતાઢય પર્વત ઉપરના મણિમંદિર નામના નગરનો વિદ્યાધરોમાં શિરોમણિ **ચિત્રાંગદ** નામે હું રાજા છું. દૈવયોગે હું મનુ-

ષ્યના માંસનો લાલચુ થયો. મારાથી જન-ક્ષય થતો જાણીને મને અનેક પ્રકારે સમજાવવામાં આવ્યો, પણ અત્યંત દુર્ભાગ્યના યોગથી મારૂં તે વ્યસન ગયું નહીં; તેથી મારા મંત્રી અને સામંત વિગેરેએ બળાત્કારે મને નગરમાંથી કાઢી મૂક્યો. કેમકે સોનાની છરી પણ કાંઈ પેટમાં મરાતી નથી. એવી રીતે સ્થાનથી પરિભ્રષ્ટ થયેલો હું માનવરાક્ષસ થયો. પછી હું પૃથ્વીપર ભમવા લાગ્યો. એવી રીતે ભમતાં ભમતાં અચાનક અહીં આવી ચડ્યો."

આ પ્રમાણે રાજકન્યા વાત કરે છે તેવામાં દૂરથી આવતા તે રાક્ષસને જોઇને ભયવાળી થઇ સતી સસંભ્રમપણે તે બોલી કે-'હે કુમાર ! તમે ચાલ્યા જાઓ, ચાલ્યા જાઓ, એ દુષ્ટ રાક્ષસ મને પરણવાની ઇચ્છાથી વિવાહસામગ્રી લઇને આકાશમાર્ગે શીઘ્રપણે અહીં આવે છે.' તે સાંભળી કાંઈક સ્મિત કરીને કુમાર બોલ્યો કે-'જાણ્યું, જાણ્યું, તારૂં મન જાણ્યું, તું તે યમને વરવા ઇચ્છે છે, મને વરવા ઇચ્છતી નથી.' આ પ્રમાણે સાંભળી નિઃશ્વાસ મૂકીને તે બોલી કે-'હે મહાભાગ ! હું અત્યંત મંદભાગ્યવાળી છું, તમારી જેવો વરરત્ન હું ક્યાંથી મેળવી શકું ?' કુમાર કહે છે કે-'તું એનો મર્મ કાંઇ હોય તો જણાવ કે જેથી તારા નિષ્કારણ વૈરી એવા તે રાક્ષસને હું હણી શકું.' આ વચનથી હર્ષ પામીને તે કન્યા બોલી કે-'મધ્યાન્હે એક મુહૂર્ત એ નિશ્ચળ થઇને દેવપૂજા કરે છે, તે વખતે એ નરરાક્ષસને મારી શકાય તેમ છે, બીજો અવસર નથી.' તે સાંભળીને કુમારે કહ્યું કે-'હે વિચક્ષણે ! તેં ઠીક વાત કહી.' કન્યા કહે-'હવે બીજું અંજન આંજીને મને બીલાડી બનાવો અને તમે ખૂણામાં સંતાઈ

જાઓ.' કુમાર તે પ્રમાણે કરીને હાથમાં તલવાર લઈ એકાંતમાં ઉભો રહ્યો. તેવામાં વારંવાર ખાઉં, ખાઉં કરતો તે રાક્ષસ આવ્યો.

રાક્ષસે અંજન આંજીને બીલાડીને રાજકન્યા બનાવી. પછી ચારે બાજુ જોતો સતો તે બોલ્યો કે–'આટલામાં મનુષ્યની ગંધ આવે છે.' કન્યા બોલી કે–'મનુષ્ય તો હું છું, માટે અત્યારે તારા મનમાં આવે તે કર, તને નિવારનાર અહીં કોણ છે?' પછી રાક્ષસ વિવાહસામગ્રી એક બાજુ મૂકીને પોતે પવિત્ર થઈ, પોતાના અભીષ્ટ દેવને પૂજીને ક્ષણ વાર ધ્યાનમાં લીન થયો. તે જ વખતે વિદ્યુતના દંડ જેવું ખડ્ગ ઉંચું કરીને સિંહ જેમ ગુફામાંથી બહાર નીકળે તેમ કુમાર ખૂણામાંથી બહાર નીકળ્યો. પછી દ્વાર પાસે ઉભો રહીને તે બોલ્યો કે–'રે પાપીષ્ટ! હવે તું મારી પાસેથી ક્યાં જવાનો છે? તેં રાજા વિગેરેના ચિંતામણિ રત્ન સમાન જીવિત હર્યા છે તે પાપનું હું આ તલવારવડે તને પ્રાયશ્ચિત્ત કરાવું છું; માટે ઉભો થા, ઉભો થા.' પેલો રાક્ષસ પણ બે ઘડી સુધી નિષ્કંપપણે જાપ કરીને પછી યમની જીહ્વા જેવી કાતિ હાથમાં લઈને ઉંચા કેશવાળો તે કુમારની સામે થયો. તેવામાં રાજપુત્રે કેળના કાંડની જેમ તેનું મસ્તક છેદી નાખ્યું.

આ પ્રમાણે જગતમાં અમૂલ્ય એવો જય મેળવીને, પ્રબળ રક્ષાવિધાન તેમજ પ્રબળ પુણ્યના પ્રભાવથી વિપત્તિને દૂર કરીને, રાક્ષસે લાવેલા વિવાહોપગરણોથી અનુરાગપૂર્વક કુમારે પ્રિયંગુમંજરીનું પાણિગ્રહણ કર્યું.

ઇતિ શ્રી હર્ષકુંજરોપાધ્યાયવિરચિતે દાનરત્નોપાખ્યાને
શ્રી સુમિત્રચરિત્રે શ્રી સુમિત્રજન્મ, પરદેશગમન,
પાણિગ્રહણવર્ણનો નામ પ્રથમઃ પ્રસ્તાવઃ

# દ્વિતીયઃ પ્રસ્તાવઃ

સુમિત્રકુમાર પ્રિયંગુમંજરી સાથે પાણિગ્રહણ કરીને દિવ્યાલંકાર ધારણ કરનારી તેની સાથે સર્વ પ્રકારે મહેશ્વરની જેવો શોભવા લાગ્યો. કુમાર તેની સાથે તે નગરમાં રહેતો સતો સ્નેહ સહિત ને આનંદ સહિત વિકસીત દેહથી સુખભોગ ભોગવવા લાગ્યો. એવામાં વસંતઋતુ આવી એટલે હિંચોળા પર બેસવા વડે અને પુષ્પો ને ફળો ચૂંટવા વડે ઉદ્યાન અને કાનનમાં ક્રીડા કરવા લાગ્યા. એકદા નદીમાં પેસીને જળક્રીડા કરતાં પ્રિયંગુમંજરીનો કિનારે મૂકેલો કંચુક જળ કલ્લોલમાં તણાઈ ગયો. લજ્જારહિતપણે જળક્રીડા કરીને કિનારાપર આવ્યાં ત્યારે પ્રિયંગુમંજરીએ પોતાના કપડામા કંચુક ન દીઠો, એટલે તેણે રાજકુમારને કહ્યું કે--' હે સ્વામિન્! મારો કંચુક અહીં જ મૂકયો હતો તે કયાં ગયો તેની ખબર પડતી નથી.' તે સાંભળીને સુમિત્રે જળમાં, સ્થળમાં, આકાશમાં સર્વત્ર જોયું, પણ અભવ્ય જીવ જેમ બોધિબીજ ન પામે તેમ તેનો કંચુક મળી શકયો નહીં. એટલે કુમારે તેને કહ્યું કે-' હે પ્રિયા! મહેલ તરફ ચાલ, ત્યાં આ કંચુકની જેવા બીજા ઘણા કંચુકો છે તેમાંથી તને ગમે તે ગ્રહણ કરજે.'

આ પ્રમાણે કહીને પ્રિયા સાથે તે રાજમહેલમાં આવ્યો. લીલાપૂર્વક તેની સાથે વિષયસુખ ભોગવતાં તે કુમારે કેટલોક કાળ વ્યતીત કર્યો. આ બાજુ નદીના પ્રવાહમાં તણાતો કંચુક ત્વરિત ગતિથી **શ્રીવિજય** નગર નજીક નીકળ્યો. તરીયાએ નદીમાં પ્રવેશ કરીને તે કંચુક લઇ લીધો અને અત્યંત આનંદથી **મકરધ્વજ** રાજાને ભેટ કર્યો. સોનાની

દોરી અને મણિની જાળથી શોભતા એવા તે કંચુકને જોઇને રાજા આનંદ પામ્યો. તે તરીયાનું સોનાના અલંકારોથી સન્માન કરીને રાજાએ તેને પૂછયું કે–' હે ભદ્ર ! તને આ કંચુક કયાંથી પ્રાપ્ત થયો ?' ત્યારે પ્રત્યુત્તરમાં તેણે જણાવ્યું કે–' નદીના મધ્ય ભાગમાંથી.' આ પ્રમાણે આદરપૂર્વક તેની વાણી સાંભળીને રાજા વિચારવા લાગ્યો કે–' ખરેખર તે જ સ્ત્રી–રત્ન છે કે જેનો આ કંચુક છે. ચિંતામણિની જેવી અદ્દભૂત તે સ્ત્રી જો મને પ્રાપ્ત થાય તો પછી આ સંસારસાગરમાં હું શું ન પામ્યો ? અર્થાત્ સર્વ વસ્તુ પામ્યો ગણાઉં.' આ પ્રમાણે વિચારીને સ્ત્રીના લાલચુ, કામી અને વિશાળ નેત્ર-વાળા તે રાજાએ ઉત્તમ ક્ષત્રિયોથી પૂર્ણ સભામાં આ પ્રમાણે જાહેર કર્યું કે–' લક્ષ્મીના ગૃહતુલ્ય જે કામિનીનો આ કંચુક છે તે કોમળ આલાપવાળી સ્ત્રી જે મને મેળવી આપશે તેને તેની ઇચ્છાવડે જે માગશે તે હું આપીશ. આ પ્રમાણે હું પ્રતિજ્ઞા કરૂં છું.' આમ કહે સતે પણ કોઇએ તેના હાથનું બીડું ગ્રહણ કર્યું નહીં. તે વખતે રાજસભામાં સિદ્ધસીકોત્તરી[1] એવી વૈરિણી એવા યથાર્થ નામવાળી કોઈક ગણિકામાં મુખ્ય ગણાતી વેશ્યા બેઠી હતી તે બોલી કે–' હે રાજન્ ! દૂર રહ્યાં છતાં પણ જે સ્ત્રીએ તમારા ચિત્તને હરણ કર્યું છે તે ચપળ લોચનવાળી સ્ત્રીને હું અવશ્ય અહીં લઈ આવીશ. હે સ્વામિન્ ! શક્તિથી તેમજ ભક્તિથી તમને તે સ્ત્રી હું મેળવી આપીશ.' આ પ્રમાણે કહીને તેણે રાજાના હાથનું બીડું ગ્રહણ કર્યું. તે વખતે ' સેવકોની કાર્યના પ્રારંભમાં જ પ્રશંસા કરવી.' એ નીતિને અનુસરીને રાજાએ સ્વમુખે તેની ખૂબ પ્રશંસા કરીને તેને રજા આપી.

---

૧ જેને સીકોત્તરી દેવી સાધ્ય છે એવી.

હવે તે ગણિકા નદીના ઉપરના ભાગ તરફ ચાલવા લાગી. એ પ્રમાણે નિરંતર ચાલતાં ઘણે દૂર ગઈ, ઘણા વન પર્વતોને જોયા, એ પ્રમાણે ચાલતાં તે નદીની નજીક રહેલા એક નગરના સુંદર ઉદ્યાનમાં આવી. ત્યાં ક્રીડારસમાં પરાયણ એવા દંપતી ( સુમિત્ર ને પ્રિયંગુમંજરી )ને તેણે જોયા. તેને જોઇને વિસ્મયથી વ્યાપ્ત થયેલા મનવાળી તે વૈરિણી ક્ષણમાત્ર તો વિચારવા લાગી કે-' અહો રૂપ ! અહો કાંતિ ! અહો અદ્ભુત લાવણ્ય! અહો ભાગ્યાધિકતા! અહો એમની લીલા ! શું આ તે કોઈ વિદ્યાધરનું જોડલું છે અથવા શું ઇંદ્રાણી ને ઇંદ્ર ભૂમિપર ક્રીડા કરવા આવ્યા છે ? ' આ પ્રમાણે વિચારતી તે ગણિકાએ રાજાને મળેલા કંચુકની જેવા જ કંચુકને ધારણ કરનારી પ્રિયંગુમંજરીને જોઇ. એટલે તેણે નિશ્ચય કર્યો કે- ' જરૂર આ તે જ સ્ત્રી છે કે જેણે મારા રાજાના મનનું હરણ કર્યું છે. ' વળી તેણે વિચાર્યું કે-' મારો પ્રયાસ ફળિભૂત થયો છે. જાગતા એવા મારા ભાગ્યવડે જ મને આ સ્ત્રીનો પત્તો મળ્યો છે. ' પછી સિદ્ધસીકોત્તરીના પ્રભાવથી પ્રિયંગુમંજરીના સર્વ સ્વરૂપને જાણી લઇને કપટ કરવામાં ચતુર એવી તે વેશ્યા તે જ ઉદ્યાનના સમિપના માર્ગને છેડે એક વૃક્ષની નીચે બેસીને રાજા વિગેરેના નામો લઈ અત્યંત રૂદન કરવા લાગી. તેનું રૂદન સાંભળીને તરતજ ક્રીડા તજી દઇને દયાપરાયણ એવા તે દંપતી તેની પાસે આવ્યા. તેને અત્યંત વિલાપ કરતી જોઇને કુમારે પૂછ્યું કે-' હે મુગ્ધે ! તું કોણ છે અને આ બગીચામાં આવીને શામાટે રૂએ છે ? ' એટલે તે ગણિકા બોલી કે-' હે દયાના આધારભૂત કુમાર ! મારા દુઃખનું કારણ સાંભળો !

આ નગરનો રાજા જે **કનકધ્વજ** હતો તેની હું **કમળસુંદરી** નામની પ્રખ્યાત બ્હેન છું. હું બાલ્યવયનું ઉલ્લંઘન કરીને સુંદર તરૂણાવસ્થા પામી એટલે અહીંથી સો યોજન દૂર શંખપુર નામનું નગર છે તેનો **શંખ** નામનો રાજા ત્યાંથી અહીં આવીને મહોત્સવ પુરઃસર માતાપિતાએ આપેલી એવી મને રૂપવતી સતીને તે પરણ્યો. વિવાહ થયા પછી હું ભર્ત્તારની સાથે સુખપૂર્વક શંખપુર જવા ચાલી અને અખંડ પ્રયાણ કરતાં અમે શ્વસુરમંદિરે પહોંચ્યા. મેં ભર્ત્તારની દયાથી બહુ કાળ સુધી સુખ ભોગવ્યું. અનુક્રમે મારી કુક્ષિથી ત્રણ પુત્રો થયા. એવામાં મેં સાંભળ્યું કે–' મારા પિતા સ્વર્ગે ગયા છે અને મારા બંધુ કનકધ્વજને રાજ્યપ્રાપ્તિ થઇ છે. તેની રાણી કનકમંજરી નામે છે અને તેને પ્રિયંગુમંજરી નામે પુત્રી થઇ છે કે જે સર્વગુણસંપન્ન છે તેમજ રૂપવડે રતિ જેવી છે. મારા ભાઇએ સ્નેહવડે મોકલેલ વસ્ત્રાભરણાદિ ઘણા વખત સુધી મને મળ્યા કર્યું. સ્ત્રી જાતિને એ હકીકત સુખ આપનારી છે. હમણા દૈવયોગે મારા ભર્ત્તાર મરણ પામ્યા અને શત્રુઓએ બહુ સૈન્યવડે આવીને રાજ્ય લઇ લીધું. મારા પુત્રો પણ મરણ પામ્યા. દૈવે વિડંબના કરેલી અને દુઃખવડે દગ્ધ થયેલી હું એકલી જીવ લઇને ત્યાંથી યુથભ્રષ્ટ થયેલી હરણીની જેમ ભાગી. હું ઘણે સ્થાને ભમી પણ કોઇ સ્થાને મને સુખની પ્રાપ્તિ થઇ નહીં, તેથી સુખની અર્થી એવી હું મારા મનોરથ અહીં પૂર્ણ થશે એમ ધારીને મારા ભાઇના રાજ્યમાં આવી; પરંતુ અહીં સર્વ શૂન્ય જોઇને મને તો ક્ષત ઉપર ક્ષારનું અધિરોપ થાય તેવું અત્યંત દુઃખ ઉત્પન્ન થયું તેથી હે કુમાર ! હું રૂદન કરૂં છું. "

આ પ્રમાણેની તેની વાત સાંભળીને પ્રિયંગુમંજરીએ પોતાના ભર્ત્તારને કહ્યું કે–' હે સ્વામિન્! આ મારા પિતાની બ્હેન ને તમારી ફુઈસાસુ આવી જણાય છે.' આમ કહીને તત્ક્ષણ પોતાની ફ્ઈબાને ગળે વળગીને સુમિત્રની સ્ત્રી રોવા લાગી અને બોલી કે–' હા ઇતિ ખેદે! તમારી પણ આવી દારૂણ અવસ્થા કેમ થઇ? પરંતુ એમાં વિધિનો જ દોષ છે કે જે સજ્જનોને વિપત્તિમાં નાખે છે.' ગણિકા પણ અત્યંત કપટભાવથી બોલી કે–' હે વત્સે! હે શુભાશયે! તું કનકધ્વજની પુત્રી છે? એ વાત મને સત્ય કહે.' પ્રિયંગુમંજરીએ હા પાડી એટલે તે સાંભળીને જાણે અત્યંત શોક ઉત્પન્ન થયો હોય તેમ તે વૈરિણી પોતાના રૂદનના સ્વરવડે આકાશને ભરી દેતી સતી અત્યંત રૂદન કરવા લાગી. પછી તે બોલી કે–' હે ભત્રીજી! મારી જેમ તારી પણ દુર્દશા કેમ થઈ? અરે! અરે! કનકધ્વજ નામનો ગુણથી પ્રસિદ્ધ એવો મારો બંધુ કયાં? સુંદર રૂપવાળી કનકમંજરી નામની મારી ભોજાઈ કયાં? નગરજનો કયાં? આ નગર શૂન્ય–નિર્જન કેમ છે?' પ્રિયંગુમંજરીએ ગળગળા અવાજે બધી વસ્તુસ્થિતિ કહી. તે સાંભળીને તે વેશ્યા અત્યંત દુઃખપૂર્વક ફરીવાર વિલાપ કરવા લાગી કે–' હે દૈવ! હે ઉત્તમ પુરૂષને વિડંબના પમાડનાર! મને અને મારી ભત્રીજીને ગાઢ દુઃખમાં નાખીને તેં આ શું કર્યું? છતાં પણ હું માનું છું કે મારૂં પૂર્વકૃત પુણ્ય કાંઈક જાગતું છે કે જેથી જયવાળા જમાઈ અને ભત્રીજી મને પ્રાપ્ત થયા.'

ત્યારબાદ નિર્મળ–કપટ રહિત મનવાળા તે બંનેવડે જીવતી–જાગતી આપત્તિની જેવી તે વેશ્યાને અત્યંત આગ્રહ

સહ પોતાના મંદિરે લઈ જવામાં આવી, અને બીજી કુલદેવીની જેમ વસ્ત્ર, આહાર વિગેરેથી તેની ભક્તિ કરવામાં આવી. એ પ્રમાણે હંમેશ સન્માનિત કરાતે સતે કેટલોક સમય વીત્યા બાદ કુટિલ મનવાળી તે વેશ્યાએ રાજપુત્રીને પૂછયું કે–' હે પુત્રી ! આ તારા પતિ કોણ છે ? અને તું કેવી રીતે તેની સાથે પરણી ? તે કહે.' તેણીએ કહ્યું કે–' હે માતા ! સાંભળો. આ કોણ છે તે હું યોગ્ય રીતે જાણતી પણ નથી. ભયંકર એવા રાક્ષસને હણીને તે મને પરણ્યા છે.' આ પ્રમાણે સાંભળીને તેણે ગળગળા સાદે કહ્યું કે–' આંધળાની લાકડીની જેમ આપણા બંનેનો તે એક–માત્ર આધાર છે. તેની સાથે વાતચીત કરત મારૂં મન સહજ શરમ અનુભવે છે, તેથી તારે તારા વલ્લભને (પતિને) એકાંતમાં આ પ્રમાણે સ્પષ્ટ કહેવું કે–' હે નાથ ! યક્ષ–રાક્ષસ વિગેરેના ભયની શંકાયુક્ત અને જંગલની જેવા આ શૂન્ય–ઉજ્જડ નગરમાં આપણે શામાટે રહેવું જોઇએ ? માટે હે પ્રભુ ! સુંદર વસતિવાળા સ્થાનમાં–રહેઠાણમાં આપણે જઇએ તો સારૂં.' ભોળી એવી પ્રિયંગુમંજરીએ આ વચન સત્ય માન્યું અને એકાંત સ્થાન પ્રાપ્ત કરીને તેણે પતિને ઉપરોક્ત બીના જણાવી. વીર પુરૂષોમાં અગ્રણી એવા તેણે વાત હસી કાઢીને કહ્યું કે–' હે પ્રિયા ! તારે જરાપણ બ્હીવું નહિં, કારણ કે મને કોઇના તરફથી ભયની બીલકુલ આશંકા નથી.' ' તેનું શું કારણ ? ' એમ મધુર વાણીવડે સ્ત્રીએ પૂછતાં સાહસના ઘરરૂપ અને ચતુરાઇના ભંડારરૂપ કુમારે ગળે પ્રાણ આવે તો પણ સ્ત્રીને ગુપ્ત વાત ન કહેવી એ નીતિવાકય જાણતાં છતાં, નસીબયોગે કહ્યું કે–' હે ભદ્રે ! જ્યાં સુધી સિદ્ધ-પુરૂષથી અર્પણ કરાયેલ રક્ષાવિધાન મારા ખડ્ગની મુઠમાં

રહેલ છે ત્યાં સુધી તેના ચમત્કારથી આ જગતમાં સુર, અસુર અને મનુષ્યોથી પૂર્વોપાર્જિત ધર્મથી હોય તેમ હું અજેય છું. જો દૈવયોગે તે જાય કે વિનાશ પામે તો મને શત્રુની શ્રેણી તેમજ આપત્તિઓ પણ ઉપદ્રવકારી થાય.' આ પ્રમાણે હકીકત જાણ્યા પછી પ્રિયંગુમંજરીએ મુગ્ધપણે તે બધી વાત પેલી કુટ્ટિનીને કહી સંભળાવી.

સુમિત્ર કુમારનો મર્મ જાણીને નિષ્કારણ વૈરિણી એવી વૈરિણીએ અન્યદા કુમારની સ્નાનક્રિયા પોતાને હાથે કરવા માંડી. ખળ અને તેલથી વ્યાપ્ત મુખ ને મસ્તકવાળા કુમારને કરીને તે દુષ્ટાએ તેના ખડ્ગની મુઠ બળતા એવા ચુલામાં નાખી દીધી, એટલે તે તરતજ કાષ્ટની જેમ બળી ગઇ. રક્ષાવિધાન યુક્ત ખડ્ગમુષ્ટિ રક્ષારૂપ થઇ ગઇ એટલે સર્વ પ્રકારની આપત્તિના યોગથી કુમાર મૂર્ચ્છિત થયો. તે વખતે પેલી માયાવી વેશ્યાએ મિથ્યા હાહારવ કર્યો, એટલે બીજા કામ તજી દઇને તરતજ રાજપુત્રી ત્યાં આવી. ત્યાં ભર્ત્તારને મૂર્ચ્છિત થઇને પૃથ્વીપર પડેલ જોઇ તેણે પેલી વેશ્યાને પૂછયું કે–'તમારા જમાઇને આમ એકાએક શું થયું?' તે બોલી કે–'તેનું કારણ હું કાંઈ જાણતી નથી.' તે વખતે પ્રિયંગુમંજરી ખડ્ગમુષ્ટિ તપાસવા લાગી ત્યાં તો તેને અગ્નિમાં ભસ્મીભૂત થયેલી જોઈને તેને પોતાના પતિના વચનો યાદ આવ્યા. પછી ક્ષણવાર વિચાર કરતાં તે વિચક્ષણા હૃદયમાં સમજી ગઈ કે–'જરૂર આ કાર્ય આ શાકિની જેવી માઠી બુદ્ધિવાળી સ્ત્રીનું જ છે.'

તે વખતે રાજપુત્રી શોકથી બે વિભાગ થઈ ગયેલા મનવાળી હોય તેમ અત્યંત રૂદન કરવા લાગી કે જેના પ્રતિ-

ધ્વનિથી આકાશ ને ભૂમિનો મધ્યભાગ પૂરાઇ ગયો. તે મનમાં બોલી કે-' હા વલ્લભ ! તમે એકાંતમાં કહેલી વાત જો મેં આ પાપિણીની પાસે કરી ન હોત તો આ કષ્ટ ઉત્પન્ન થાત નહીં. હા પ્રાણેશ ! હા નાથ ! હા દયાંભોનિધિ ! મેં તમારા મર્મ-વાકય આ દુષ્ટાની પાસે કહ્યા તેનું આ ફળ છે. હે જીવિતેશ્વર ! આ અસાર સંસારમાં તમારા વિના કારાગૃહની જેમ રહીને હું જીવતી પણ શું કરી શકું ? હે સ્વામિન્ ! તમારી સાથે એકજીવવાળી ને દીન એવી મારી અવજ્ઞા કરીને તમે મૌન ધારણ કરીને કેમ રહ્યા છો ? મને અમૃત જેવી વાણીવડે કાંઇક જવાબ તો આપો.' આ પ્રમાણે સ્નેહરૂપ મદિરાના યોગથી હોય તેમ અનેક પ્રકારના વિલાપ કરતી અને મહા-દુઃખવડે પ્રપૂરિત થયેલી તે પણ મૂર્છા પામી. પછી ઘણા શીતોપચારવડે થોડા વખતમાં રાજકન્યાને સચેતન કરીને સ્ફુરાયમાન વાણીવડે પેલી વેશ્યા બોલી કે-' અરે મૂર્ખી ! તું મારા આ સ્વરૂપને જાણતી નથી કે મેં સિદ્ધસીકોત્તરીએ તારે માટે જ આ બધો પ્રપંચ રચ્યો છે, તેનું કારણ સાંભળ !

અહીંથી સો યોજન દૂર વિજયપુર નામનું નગર છે, જેનો ગઢ દેવાંગનાઓને રત્નવિનાના આદર્શ (કાચ) જેવો છે. તે નગર કલ્પવૃક્ષ જેવા દાતારોવડે, અનેક દેવમંદિરોવડે, અપ્સરા જેવી સ્ત્રીઓવડે અને દેવ જેવા મનુષ્યોવડે મનોરમ છે. અમૂલ્ય અને સ્વચ્છ એવા અમૃતવડે તેમજ સ્ફુરાયમાન કાંતિવાળા મણિઓવડે ઇંદ્રે જ જાણે પોતાની સારભૂત વસ્તુઓ અહીં રાખી ન હોય એમ જણાય છે. અનેક બગીચાઓ, નદીઓ, કુવાઓ, તળાવો, મઠો અને મંદિરોવડે લંકાથી પણ અધિક શોભાવાળું ને જનોને સુખદાયક તે નગર છે. તે નગ-

રમાં રૂપલાવણ્યવડે લલિત અંગવાળો અને ઉલ્લસાયમાન ચિત્ત-વાળો **શ્રીમકરધ્વજ** નામનો યથાર્થ અભિધાનવાળો રાજા છે. તે રાજા ઔદાર્ય, ધૈર્ય, ગાંભીર્ય વિગેરે ગુણરત્નોના સમુદ્ર જેવો, પ્રતાપવડે આક્રાંત કરેલી દિશાઓવાળો અને ઋદ્ધિવડે ઇંદ્ર જેવો છે. સભામાં બેઠેલા એવા તેના હાથમાં અન્યદા કોઈક દિવ્ય કંચુક નદીના પ્રવાહમાં તણાઇને આવેલો કોઈ માણસે લાવીને આપ્યો. તે કંચુક જોઇને ઘણી અંતઃપુરીઓવાળા છતાં તે રાજાએ અદષ્ટ એવી તે કંચુક ધારણ કરનારી તારી ઉપર પોતાના મનને નિશ્ચળ કર્યું. તેથી તને લાવવા માટે હે વત્સે! તે રાજાએ સભામાં ધરેલું બીડું મેં સર્વ વેશ્યામાં શિરોમણિ એવી વરિણીએ ગ્રહણ કર્યું અને તને લઈ જવા માટે હું અહીં આવી. સિદ્ધસીકોત્તરીના પ્રભાવથી બધી માયા ઉભી કરીને ખડ્ગની મુષ્ટિ અગ્નિમાં બાળી દઇ આને મેં મારી નાખ્યો છે. ભવાંતરના સ્નેહથી અથવા તારા ભાગ્યથી પ્રેરિત થઇને મારો રાજા તારે વિષે અત્યંત રાગવાળો વર્તે છે; તેથી હવે તું શીઘ્ર મારી સાથે ત્યાં ચાલ અને હે ચારૂલોચને! મારા પ્રયાસને અને તારી વયને સફળ કર. અજ્ઞાત કુળશીલવાળા આ એકાકી પુરૂષ ઉપરથી અને આ શ્મશાન જેવા નગર ઉપરથી પ્રીતિ તજી દઇને તું મારી સાથે ચાલ. વળી મકરધ્વજ રાજાના નિબિડ સ્નેહસાગરને તારા મુખરૂપ ચંદ્રના દર્શનવડે ઉછળતા કલ્લોલવાળો કર."

આ પ્રમાણે હળાહળ ઝેર જેવા તેના વચનોને સેંકડો સતીઓમાં શિરોમણિ એવી તેણીએ બહુ પીડાને કરનારા માન્યા. પછી તે બોલી કે–' હે **વૃદ્ધે**! તેં આ કથન મહા-પાપકારી, હીનજનોને ઉચિત અને બંને લોકનો વિનાશ

કરનારૂં કહેલ છે; પરંતુ કનક (ધતુરા) ના પુષ્પો તો શંભુ (શિવ) ના મસ્તકે ચડે અથવા જમીનપર પડે. તેની જેમ કુલીન સ્ત્રીનો આ જ ક્રમ છે કે તે ભર્ત્તારને સેવે અથવા સ્ફુરાયમાન અગ્નિને સેવે. કદાપિ પણ અન્યત્ર પોતાના મનને જરાપણ ચલિત કરે નહીં.' આવા તે પતિવ્રતાના વાકયો સાંભળીને તે દુષ્ટાશયવાળી વેશ્યા કોપવડે વિકટરૂપ કરીને બોલી કે—'અરે પાપિણી! શું તું મને સિદ્ધસીકોત્તરી તરીકે ઓળખતી નથી? માટે તું મારા કહ્યા પ્રમાણે કર, નહીં તો હું તને પણ મારી નાખીશ.' પ્રિયંગુમંજરી તેને મહા શાકિનીઓમાં પણ મુખ્ય જાણીને પોતાના ભર્ત્તારે એકાંતમાં કહેલ હકીકત સંભારી કે—'હે પ્રિયે! રમ્ય એવી ચંપાપુરીના રાજા ધવળવાહનની રાણી પ્રીતિમતીનો હું સુમિત્ર નામનો પુત્ર છું. પિતાના રોષથી તે દેશને તજીને **સૂર, સીધર, સુત્રામ** ને **સાગર** નામના ચાર મિત્રોની સાથે હું ચાલી નીકળેલો છું. તે મારા મિત્રો જૂદી જૂદી ચાર પ્રકારની વિદ્યા મેળવવા માટે છ માસની મુદત કરીને ચાર જગ્યાએ રોકાયેલા છે. તે હકીકતને પાંચ માસ થઈ ગયા છે. હવે એક મહીનાની અંદર અવધિ પૂર્ણ થવાથી ચારે વિદ્યાઓ લઇને તે જરૂર પાદ—વિદ્યાથી અહીં મારી પાસે આવી મને મળશે.'

આ પ્રમાણે પોતાના ભર્ત્તારે કહેલી હકીકતનું સ્મરણ કરીને તેણે વિચાર્યું કે 'હવે થોડા વખતમાં તે મિત્રો આવશે અને સંજીવિની વિદ્યાવડે મારા સ્વામીને તે જીવાડશે; તેથી ત્યાં સુધી મારે મારા શીલની તેમજ જીવિતવ્યની રક્ષા કરવી જોઇએ. જીવતો મનુષ્ય હજારો કલ્યાણોને જોઈ શકે છે.' આ પ્રમાણે વિચારી કુમારનું શ્રેષ્ઠ શરીર ઉપાડી આવાસના

અંદરના નિર્વિઘ્નકારી ભાગમાં સારી રીતે મૂકીને, નોકરોને ભલામણ કરીને તે વેશ્યાની સાથે ચાલી.

અનુક્રમે તેઓ શ્રી વિજયનગર નજીક આવ્યા અને ઉપવનમાં રહ્યા. ત્યારબાદ તે કુટ્ટિનીએ કોઈની સાથે રાજાને વધામણી મોકલી. ઉછળતા કામ-અંકુરવાળો, સ્ત્રી-લાલચુ મકરધ્વજ રાજા આનંદિત થયો સતો પરિવાર યુક્ત સામો આવ્યો. ત્યાં રંભાના રૂપ સરખી તેણીને જોઇને રાજા મકરધ્વજ પોતાના મનમાં અત્યંત હર્ષિત થયો. પછી મનોહર અને અલંકારોથી ભૂષિત એવા શ્રેષ્ઠ હસ્તીને ત્યાં લાવીને સ્નેહપૂર્વક કોમળ વચનોવડે રાજા બોલ્યો કે-' હે પ્રિયા ! મારી સાથે આ હાથી ઉપર બેસીને નગરમાં ચાલ અને મારા વાંછિતોની પૂર્ણતાને માટે મારા રાજમંદિરને શોભાવાળું બનાવ.' કાળ વ્યતીત કરવાના મિષથી નિર્મળ શીલવાળી તેણીએ રાજાને કહ્યું કે-' અમારા બંનેના (પતિ-પત્નીના) કલ્યાણ માટે આપની મહેરબાનીથી એક માસ સુધી ભિક્ષુકોને દાન આપવા માટે હું અહીં જ રહીશ. ત્યારબાદ યોગ્ય એવું તમારૂં કાર્ય હું કરીશ.'

આ પ્રમાણે સાંભળીને રાજાએ ત્યાં દાનશાળા કરાવી આપી. પ્રેમીજનો સ્ત્રીઓને રાજી કરવા માટે શું શું કરતા નથી ? તે પણ ત્યાં રહી સતી દીન-અનાથ જનોને ઇચ્છિત દાન આપવા લાગી, કારણ કે વિવેકવાળા પુરૂષો હમેશાં અવસરોચિત જાણવાવાળા જ હોય છે. આ એક મહિનો રાજાને ત્રીશ વર્ષ જેવડો થઇ પડયો; જ્યારે દાનરૂપી અમૃતમાં મગ્ન થયેલી-તેમાં રસયુક્ત બનેલી તેણીને તે ત્રીશ ક્ષણ જેટલો લાગ્યો. મહિનો પૂર્ણ થયે સતે તેના પતિના ચારે ભાઇબંધો ત્યાં આવી ચડયા. તેને ધણીએ કહેલી હકીકતથી ઓળખી કાઢવામાં

આવ્યા. પછી ભક્તિપૂર્વક તેને જમાડીને તેણીએ તેઓને પૂછયું કે—'તમે કોણ છો ?' ત્યારે તે બોલ્યા કે-' અમે રાજકુમાર સુમિત્રના મિત્રો છીએ. મિત્રની રજા લઈને અમો બધા જૂદા પડ્યા હતા. અમે તેના માટે ગુરૂ આગળથી વિદ્યાઓ પ્રાપ્ત કરી. હે ભદ્રે ! પદાનુચારિણી વિદ્યાના પ્રભાવથી કુમારના પગલે પગલે અમે એક ઉજ્જડ નગરમાં ગયા, પરંતુ ત્યાં તે મળ્યા નહીં. જૂદા જૂદા અનેક બગીચાઓ અને જળાશયો જ્યાં જ્યાં કુમારે ક્રીડા કરી હતી ત્યાં ત્યાં તપાસ કરતાં કોઈક સ્ત્રીના પગલાં પણ તેની સાથે જોવામાં આવ્યા. ત્યારબાદ કોઈપણ સ્થળે મિત્ર સુમિત્રનું પગલું અમને મળ્યું નહીં, જેથી બે સ્ત્રીઓના પગલાને અનુસરતા અમો અહીં આવ્યા. હે સ્ત્રી ! તે બેમાંની તમો એક છો, તેથી જો તમે જાણતા હો તો પ્રાણવલ્લભ એવો અમારો મિત્ર કયાં છે તે કહો; કારણ કે હવે પછી અમે તેના વિના પ્રાણ ધારણ કરવાને પણ સમર્થ નથી; તેથી તેની વાર્તા અમારા પ્રાણરક્ષણને મા તમે કહેવાને યોગ્ય છો.'

આ પ્રમાણે પોતાના ભર્ત્તારના મિત્રોના વચનો સાંભળીને પ્રિયંગુમંજરી વિચારવા લાગી કે—'મારા વલ્લભને ધન્ય છે કે જેના આવા મિત્રો છે. વળી હું અતિ ધન્ય છું કે જેને એવો પતિ મળ્યો છે.' આ પ્રમાણે વિચારીને પછી તેણીએ જેવું બન્યું હતું તેવું સર્વ વૃત્તાંત યથાર્થ કહી બતાવ્યું. એટલે તેઓ બોલ્યા કે—'હૈ ઉત્તમે! તે અમારા મિત્રના શરીરને તમે અમને શીઘ્ર બતાવો.' તે બોલી કે-' તો તમે આકાશગામી રથ બનાવો કે જેથી આપણે શીઘ્ર ત્યાં પહોંચી શકીએ.' સાગરે તરતજ એક મોટું કાષ્ટ મગાવીને આકાશગામી રથ શીઘ્ર તૈયાર કર્યો.

હવે અહીં મહીનો પૂરો થયો એટલે મકરધ્વજ રાજા પ્રિયંગુમંજરીને લઇ જવા માટે ઉત્સુક થઇ આડંબર સહિત ત્યાં આવ્યો અને બોલ્યો કે-' હે પ્રિયે ! હવે નગરમાં પગલાં કરો અને મારી જેવા દાસની ઉપર હે ભામિનિ તમે પ્રસન્ન થાઓ.' રાજપુત્રી બોલી કે-' હે રાજન્ ! તમે સારા રૂપ ને કુળ-વાળી ચાર કન્યાઓને અહીં લાવો કે જેથી તેઓની અને આ વૈરિણીની સાથે રથમાં બેસીને આપણે નગરમાં જઇએ.' તેને વશ થયેલા રાજાએ તરતજ તેના કહેવાનો અમલ કર્યો અને રૂપવાન ચાર કન્યાઓને ગામમાંથી બોલાવી લીધી. એ વાત પ્રસિદ્ધ જ છે કે ' કામી પુરૂષ શું શું કરતો નથી ? '

હવે કૌતુક જોવા માટે ત્યાં નૃપાદિ રાજલોક અને નગ-રજનો પુષ્કળ એકઠા થયા. પછી પ્રિયંગુમંજરી પોતાના ભર્ત્તારના ચાર મિત્રો અને ચાર કન્યાઓ સહિત તે રથમાં બેઠી. વેશ્યાને પણ સાથે બેસાડી અને એકદમ આકાશમાર્ગે રથ ચલાવ્યો. માર્ગમાં પેલી દુષ્ટ એવી વેશ્યાને રથમાંથી નીચે પાડી દીધી. નિરાધાર એવી તે જળધારાની જેમ પથ્થરપર પડી જેથી તેના સર્વ અંગો ભાંગી ગયા અને ઘણું દુ:ખ પામી. કહ્યું છે કે-' અત્યુગ્ર પુણ્ય-પાપનું ફળ અહીં જ પ્રાપ્ત થાય છે.' એ રથ અનુક્રમે રાજા વિગેરેની દૃષ્ટિથી અદૃશ્ય થયો અને સર્વે શ્રીકનક નામના નગરે પહોંચ્યા. ત્યાં તેમને પ્રિયંગુમંજરીએ નેત્રમાંથી અશ્રુધારા વહેતે તેમના મિત્રનું શરીર આવાસના મધ્યમાં ગુપ્ત સ્થાને રાખ્યું હતું તે બતાવ્યું. સુત્રામે સંજીવિની મહાવિદ્યાવડે તેને સચેતન કર્યો એટલે કુમાર પણ ક્ષણમાત્રમાં સુઇને ઉઠ્યો હોય એમ જાગૃત થયો. રૂપસ્થ ધ્યાનમાં લીન થયેલી યોગિનીની જેવી રાજપુત્રી યથાસ્થિત પતિનું રૂપ જોઇને પતિના સર્વાંગમાં પ્રવેશ કરી ગઇ.

સુમિત્રે પૂર્ણિમાના ચંદ્રને ચકોર જુએ તેમ આ સર્વ જોયું. સૂર, સીધર, સુત્રામ ને સાગર અત્યંત હર્ષ પામ્યા. સુમિત્રે ઉભા થઈને તે ચારે મિત્રોને આલિંગન કર્યું. પાંચે મિત્રોનું વિયોગજન્ય દુઃખ સર્વથા નાશ પામ્યું. પછી સહુએ સ્નાન દેવાર્ચનાદિ કર્યું એટલે સૂરે અક્ષીણ પાત્રવાળી વિદ્યાવડે અમૃત જેવા આહારથી સૌને ભોજન કરાવ્યું.

અન્યદા સુમિત્ર કુમારે સૂર, સીધર, સુત્રામ અને સાગરને પૂછયું કે–'તમે વિદ્યા મેળવીને શી રીતે આવ્યા?' એટલે પ્રથમ સીધર બોલ્યો કે–'હે ધવળ રાજેંદ્રના કુળરૂપ કમળમાં રવિસમાન! સાંભળો. હું બે માસ ત્યાં રહ્યો અને ભક્તિવડે તે વિદ્યાધારીને રંજિત કર્યો; તેથી તેણે મને પદજ્ઞા વિદ્યા સંપૂર્ણ આપી. ફરીને પણ કેટલાક કાળ સુધી મેં તે સદ્ગુરૂની સેવા કરી. પછી પ્રસન્નચિત્ત થયેલા તેમણે મને આજ્ઞા આપી એટલે હું ત્યાંથી ચાલ્યો. ગુરૂની કૃપાથી મળેલી પદવિદ્યાના પ્રભાવથી ભાગ્યને લઈને તમારો અને આ મિત્રોનો મને મેળાપ થયો. વિદ્યા પ્રાપ્ત કરેલા ત્રણે મિત્રોની સાથે તમારે પગલે પગલે ચાલતાં આ શૂન્ય નગરે અમે આવ્યા કે જે નગર તમારા પગલાથી પવિત્રિત થયેલું હતું. મેં નગરના ઉદ્યાનાદિ ભૂમિમાં તમારા પુષ્કળ પગલાંઓ જોયા, પરંતુ શ્રી બાહુબલિએ પ્રભાતકાળે પ્રથમ જિનને જોયા નહોતા તેમ અમે પણ તમને અહીં જોયા નહીં. પછી બે સ્ત્રીઓના પગલે પગલે અમે શ્રીવિજયપત્તન નગરે ગયા. ત્યાં દાનશાળામાં રહેલી આ પ્રિયંગુમંજરીને અમે જોઇ. ત્યારપછી જે બન્યું તે આ રાજપુત્રી જાણતી હોવાથી તે કહેશે.'

એમ સાંભળીને સુમિત્રે પ્રિયંગુમંજરીને ત્યારપછીનો વૃત્તાંત પૂછયો એટલે તે રાજપુત્રીએ સિદ્ધસીકોત્તરીની માયા, અઠગની મુષ્ટિનું બાળી નાખવું, તેની સાથે વિજયપત્તન જવું, પોતે

કરેલો પ્રપંચ અને ત્યાંથી છુટીને અહીં આવવું એ સંબંધી બધી વાત કહી. તે સાંભળીને કુમાર વિચારવા લાગ્યો કે–' હું ધન્ય છું, પૂરેપૂરો પુણ્યવાન્ છું કે જેને આવા ચાર મિત્રો અને ભાર્યા છે.' પછી તેણે મિત્રોના સ્તુત્ય ગુણોની અને ભાર્યાના શીલાદિ સદ્ગુણોની હર્ષથી ઉત્કર્ષ પામેલી, મિષ્ટ, કોમળ અને મધુર વાણીવડે સ્તુતિ કરી. પછી સુમિત્ર તેમજ તેની પ્રિયાના આગ્રહથી સૂરાદિ ચાર મિત્રો શ્રીવિજયપત્તનથી સાથે લાવેલી ચારે કન્યાઓને અનુક્રમે પરણ્યા. પછી સૂરાદિ સર્વેએ પરમ મિત્ર અને પ્રૌઢપ્રતાપી સુમિત્રનો ત્યાંના રાજ્ય ઉપર આદરપૂર્વક અભિષેક કર્યો. ચારે દિશાએ રાક્ષસના ભયથી વ્યાકુળ થઈને નાસી ગયેલા મંત્રી, સામંત, વ્યવહારીઆ વિગેરે લોકોએ, તે રાક્ષસને હણીને સુમિત્ર નામનો પરદેશી રાજકુમાર શ્રી કનકપુરના મહારાજ્યપર બેઠેલ છે એવું ચરોના મુખથી સાંભળ્યું; તેથી તે રાજાને અત્યુગ્ર પુણ્યવાળો જાણીને રસપૂરિત એવા સર્વે લોકો તેના પુણ્યથી આકર્ષિત થઈને ત્યાં આવ્યા. એટલે તે દેશ ને નગર સર્વ સમકાળે પ્રથમની જેમ વસી ગયું અને યથાસ્થાન સ્થિત થયેલા સર્વે લોકો પણ અત્યંત શોભવા લાગ્યા.

યુકતાયુકતનો વિચાર કરી શકનારા સુમિત્ર રાજાએ સદ્બુદ્ધિના મંદિર તુલ્ય સૂરને મંત્રીપદે સ્થાપન કર્યો, શ્રીધરની ઉપમાવાળા સીધરને કોટવાળના સ્થાનકે સ્થાપન કર્યો, સુત્રામને પુરોહિતનું પદ અર્પણ કર્યું અને સાગરને સર્વ સૂત્રધારમાં મુખ્ય બનાવ્યો. એ રીતે બીજા પણ ત્યાં રહેલા યોગ્ય મનુષ્યોની યોગ્ય સ્થાને યોજના કરી. પોતપોતાના સ્થાનને શોભાવનારા ચાર અધિકારીઓવડે સ્વર્ગમાં રહેલ ઇંદ્ર જેમ લોકપાળોવડે શોભે તેમ તે પૃથ્વીતલપર શોભવા લાગ્યો. અન્યદા ચતુરંગ સેનાના બળથી યુકત એવો સુમિત્ર મહારાજા સૈન્યથી પૃથ્વીને કંપાવતો દિગ્વિજય માટે નીકળ્યો અને ઘણા દેશોને સાધીને, અનેક

રાજાઓને સેવક બનાવીને, દિશારૂપ ચક્રનું આક્રમણ કરતા પૃથ્વીના ઇંદ્ર જેવા તેણે પુનઃ પોતાની નગરીમાં પ્રવેશ કર્યો. ત્યારબાદ અનેક રાજાઓની પુત્રીઓ સાથે તેણે લગ્ન કર્યાં અને ઉત્કૃષ્ટ બુદ્ધિવાળી તેણે પ્રિયંગુમંજરીને મહારાણી પદે સ્થાપન કરી.

કેટલોક સમય વીત્યા બાદ તેના બાવીશ બંધુઓ તે નવીન રાજાની સેવાને માટે તે નગરમાં આવ્યા. છ મહીના બાદ ખેદયુક્ત મુખવાળા તેઓને સૂર મંત્રીએ ઓળખ્યા એટલે તેમને રાજા આગળ મેળાપ માટે લાવવામાં આવ્યા. રાજાએ તરતજ તેને ઓળખ્યા, પરંતુ કુયોગી જેમ પરબ્રહ્મને ઓળખે નહીં તેમ સામ્રાજ્યપદને ભોગવતા એવા તે રાજા (સુમિત્ર)ને અત્યંત બારીકાઇથી જોવા છતાં પણ તેઓ ઓળખી શક્યા નહીં. પછી રાજાએ તેઓને પૂછ્યું કે-'તમે કોણ છો ? ક્યાંથી આવો છો ? શા કારણે અહીં આવ્યા છો ? અને તદ્દન શોભા વિનાના કેમ થઈ ગયા છો ?' એટલે તેઓ બોલ્યા કે-'હે નૃપની શ્રેણીના મુકુટમાં રહેલા રત્નોથી રંજિત ચરણકમળવાળા રાજન્! સાંભળો. ચંપાપુરી નામની નગરીમાં શ્રેષ્ઠ એવો ધવળવાહન નામનો રાજા છે. તેના અમે બધા પુત્રો છીએ. તે રાજાને એક બીજો પુત્ર હતો પરંતુ મહાજનની તેમજ અમારી પ્રેરણાથી રાજાએ તેને ત્યાંથી કાઢી મૂક્યો. ચિંતામણિ જેવો ઉત્તમ તે રાજપુત્ર તેના ચાર મિત્રો સાથે ત્યાંથી ક્યાં ગયો તેની અમને ખબર મળી નહીં. તેની માતા તેના મનોહર ગુણોને સંભારતી સતી નિરંતર રૂદન કરતી હતી અને પાસે રહેલા સર્વ જનોને રોવરાવતી હતી. તે રાજપુત્રના ગયા પછી રાજાને અને મહાજનને ઘણો પશ્ચાત્તાપ થયો. ત્યારપછી થોડા જ વખતમાં રાજા ધવળવાહન મરણ પામ્યા. અમારૂં પૂર્વ પરંપરાથી આવેલું રાજ્ય પુણ્યહીનની પાસે કલ્પવૃક્ષ રહે નહીં તેમ અમારી પાસે રહ્યું નહીં. અમારા

શત્રુઓએ બળાત્કારે ખેંચી લીધું. રાજ્યભ્રષ્ટ એવા અમે અનેક સ્થાને ભમ્યા પરંતુ અમારો નિર્વાહ થાય તેવું કોઇ પણ સ્થાન અમને પ્રાપ્ત થયું નહીં. એમ ફરતા ફરતા પોતાના ગુણોથી પ્રખ્યાતિ પામેલા એવા તમને નવા રાજાને સાંભળીને હે મહીપાળ! અમે તમારી સેવા કરવાને માટે અહીં આવ્યા છીએ.'

આ પ્રમાણે તેમની હકીકત સાંભળીને રાજા એકદમ પોતાના સિંહાસનપરથી ઉઠીને ગાઢ આલિંગન દઇને તેમને ભેટ્યો અને કહ્યું કે-"હે વડીલ બંધુઓ! હું તમારો ત્રેવીશમો નાનો ભાઈ છું. મેં પૂર્વભવમાં ઉપાર્જન કરેલા પુણ્યથી આ ચાર મિત્રો અને આ વિશાળ એવું રાજ્ય મેળવ્યું છે તેને હે બંધુઓ! તમે સુખપૂર્વક ભોગવો." સુમિત્રના આવાં વચનો સાંભળીને તે બંધુઓ વિચારવા લાગ્યા કે-'અહો પુણ્ય! અહો ભાગ્ય! અહો આની ઉદારતા! સર્વ ગુણના આધારભૂત એવાં આણે કેવું રાજ્ય પ્રાપ્ત કર્યું?' આ પ્રમાણે વિસ્મયપૂર્વક વિચારીને તેઓ ત્યાં આનંદથી રહ્યા.

પછી તેઓએ યોગ્ય અવસર જોઇને સુમિત્રને કહ્યું કે-'હે ભ્રાતા! હે નરેશ્વર! તમારૂં રાજ્ય તે અમારૂં જ રાજ્ય છે, એમાં કાંઇપણ શંકા કરવા જેવું નથી; પરંતુ પિતાના રાજ્યને માટે અમારી આકાંક્ષા વૃદ્ધિ પામ્યા કરે છે તેથી કૃપા કરીને અમને તે રાજ્ય અપાવો અને નદીનો પ્રવાહ જેમ વૃક્ષોને ઉખેડી નાખે તેમ અમારા શત્રુઓને મૂળથી ઉખેડી નાખો.' પોતાના બંધુઓની આ પ્રમાણેની તીવ્ર ઇચ્છા જાણીને યુદ્ધના કૌતુકી એવા સુમિત્રે તરતજ સૈન્યને એકઠું કરનારી જયઢક્કા વગડાવી. પછી તત્કાળ એકત્ર થયેલી ચતુરંગ સેનાવડે પરવરેલા તેણે પૃથ્વીને કંપાવતા સતા ત્યાંથી પ્રયાણ કર્યું. અવિરત પ્રયાણવડે ચાલતાં અંગદેશની નજીક આવ્યા એટલે પ્રથમ સીમાપર રહેલા

સર્વ રાજાઓને જીતીને પોતાને વશ કર્યા. ચંપાપુરીમાં રહેલા રાજાએ સુમિત્ર રાજાને લશ્કર સાથે પોતાની સીમાપર આવેલ સાંભળ્યો, એટલે તે પણ પોતાનું સૈન્ય એકત્ર કરીને સામે આવ્યો. બંને સૈન્યો એકઠા મળ્યા એટલે સેનારૂપી સમુદ્રમાંથી જે ભયંકર નાદ ઉછળ્યો તે જાણે પ્રલયકાળના અગ્નિથી સંક્ષુબ્ધ થયેલા સહ્યાદ્રિ ને વિંધ્યાદ્રિના મળવાથી થયો હોય એમ જણાવા લાગ્યો. રત્ન, સ્વર્ણ અને રૂપ્યમય સ્ફાર એવા મુકુટોના સમૂહથી જાણે હજારો સૂર્યચંદ્રવાળું આકાશ જ ન હોય એમ જણાવા લાગ્યું. હાથીના ગર્જારવથી, ઘોડાઓના હેષારવથી, રથના ચીત્કારોથી અને પાયદળોના સિંહનાદોથી આખું જગત્ નાદમય થઇ ગયું. ઘોડાઓની ખરીઓથી ઉખડેલી ધૂળવડે આકાશ પૂરાઈ જવાથી અમાવાસ્યાની રાત્રીમાં જેમ સ્વેચ્છાએ ભમે તેમ પ્રેતરાક્ષસો ભમવા લાગ્યા. પ્રારંભમાં બંને સૈન્યના સેનાનીઓ સામસામા યુદ્ધ કરવા લાગ્યા કે જેથી જગજ્જનને ચમત્કાર ઉત્પન્ન કરે એવો તુમુલ ધ્વનિ રણભૂમિમાં પ્રવર્તી ગયો. વીર સુભટોના પરસ્પરના ખડ્ગો અથડાવાથી અગ્નિ ઉત્પન્ન થયો તે વીરજનોના શરીરોમાંથી નીકળતા રૂધિરરૂપ જળથી શાંત થયો. સુભટોના ક્રમના પડવાથી ઉછળેલ ધૂળવડે વિસ્તાર પામેલ અંધકારમાં ત્રુટી પડેલા કડાંઓમાં રહેલા રત્નોના સમૂહથી ઉદ્યોત થઇ રહ્યો. તે રણાંગણમાં રૂધિરથી સંતોષ પામેલા વેતાળો નાચે તેમ છેદાઇ ગયેલા શરીરવાળા મહારૌદ્ર એવા કબંધો નાચવા લાગ્યા. આ પ્રમાણે યુદ્ધનો સંમર્દ થવાથી વૈરીના સુભટોએ સુમિત્ર રાજાના સૈન્યને દીનદશાવાળું કરી દીધું. તેવું હતપ્રતાપવાળું પોતાના સૈન્યને જોઇને શ્રી સુમિત્ર રાજાએ તત્કાળ હાથવડે આસ્ફાલન કરીને ધનુષ્ય ગ્રહણ કર્યું અને ધારાધર-વરસાદની ઉપમાવાળા સુમિત્ર રાજાએ ધારાના સારભૂત એવા ઉત્કટ બાણો વરસાવીને રાજાઓરૂપ હંસોને આમતેમ છુટા પાડી

દીધા. શત્રુભૂત રાજાઓના સમૂહના મુકુટોનું ખંડન કરી નાખીને, તેમના મસ્તકોને બાણવડે મુંડી નાખીને તેમના લક્ષને વિલક્ષ કરી મૂકયું. એટલે શત્રુનું સૈન્ય ભાગવા માંડયું અને સૌમિત્રી (લક્ષ્મણ) ની જેમ બળવાન એવો સુમિત્ર રાજા વિજયવંત થયો.

એ પ્રમાણે શત્રુઓને જીતીને ચંપાપુરીના રાજ્ય ઉપર સંગ્રામ કુમારને સ્થાપન કરીને તેમજ બીજા ભાઇઓને જૂદા જૂદા વિભાગો આપીને પોતે માતાને મળવા માટે રાજમહેલમાં આવ્યો. તેને જોઇને પ્રીતિમતી રાણી નવા વરસાદના પાણીથી સીંચાયેલી વનરાજીની જેમ વિકસ્વર થઇ. પછી માતાને પગે લાગીને, તેમની આશીષ મેળવીને ભાઇઓના આગ્રહથી કેટલોક કાળ ત્યાં આનંદથી રહ્યો. પછી ભાઇઓને પૂછીને તેમની રજા લઇને માતા અને સૈન્ય સહિત વિજેતા સુમિત્ર રાજા ત્યાંથી નીકળી પોતાના નગરની સમીપે આવ્યો. પછી શુભ મુહૂર્ત્ત જોઇને શ્રેષ્ઠ એવા હસ્તીપર આરોહણ કરી કનકના તોરણ તેમજ વંદનમાલિકાવાળા પોતાના વિશાળ નગરમાં માતા સહિત તેણે પ્રવેશ કર્યો.

ઇતિ શ્રી હર્ષકુંજરોપાધ્યાયવિરચિતે દાનરત્નોપાખ્યાને શ્રી સુમિત્રચરિત્રે મૂર્ચ્છાપગમ, રાજ્યપટ્ટાભિષેક, સ્વકુળક્રમાયાત–મૂળરાજ્યસંપાદનવર્ણનો નામ દ્વિતીયઃ પ્રસ્તાવઃ સમાપ્તઃ

## અથ તૃતીયઃ પ્રસ્તાવઃ

પ્રીતિમતી માતાને પ્રિયંગુમંજરી વિગેરે સર્વે વહુઓ પગે લાગી અને સાસુની હિતાશિષ પામીને ઘણી હર્ષિત થઇ. પ્રીતિમતી માતા પણ ઇંદ્રના જેવી પોતાના પુત્રની લક્ષ્મી જોઇને અત્યંત હર્ષને પામી. એ પ્રમાણે સુમિત્રરાજા ઇંદ્રની જેમ રાજ્ય પાળે છે. એકદા તે રાજસભામાં બેઠેલ છે તેવામાં પ્રતિહારીએ આવીને વિજ્ઞપ્તિ કરી કે–'ચકોર જેમ ચંદ્રને જોવા ઇચ્છે તેમ હે સ્વામિન્! ઉદ્યાનપાલક તમારા ચરણકમળ જોવાને ઉત્સુક થયો સતો દ્વારે રહેલો છે. (તેને માટે શું આજ્ઞા છે?)' તે સાંભળીને રાજાએ કહ્યું કે–'તેને શીઘ્ર પ્રવેશ કરાવ.' એટલે પ્રતિહારીએ રજા આપવાથી ઉદ્યાનપાલક રાજસભામાં પ્રવેશ કરી સ્ફુરાયમાન બકુલના પુષ્પની માળા અર્પણ કરીને બોલ્યો કે–'હે રાજન્! હે દેવ! આપના પુષ્પાવતંસક નામના ઉદ્યાનમાં ધર્મઘોષ નામના આચાર્ય ઘણા હસ્તીઓના પરિવારથી પરવરેલા યુથના સ્વામી ગજેંદ્રની જેમ ઘણા સાધુઓ સહિત પધાર્યા છે.' કર્ણામૃત જેવી (અમૃતની જેવી–કાનને અત્યંત પ્રિય લાગે તેવી) વાણીને સાંભળીને હર્ષિત થયેલા શરીરવાળા તે નૃપતિશ્રેષ્ઠે અત્યંત હર્ષથી તેને સર્વ આભૂષણો આપી રાજી કર્યો. પછી મંત્રી, સામંતયુક્ત તરતજ ત્યાંથી ઉઠીને પ્રિયંગુમંજરી છે મુખ્ય જેમાં એવી અંતઃપુરની રાણીઓથી પરવરેલો, પટ્ટહસ્તી ઉપર ચડેલો, છત્રથી શોભતો, સ્ફુરાયમાન પ્રીતિવાળો, ઇંદ્રની જેમ ચામરયુગલથી બે બાજુ વીંઝાતો તે રાજા ઉદ્યાન તરફ ચાલ્યો. અનેક પ્રકારના વાજીંત્રો વાગતે સતે, અનેક પ્રકારના ગાયનો ગવાતે સતે, વિવિધ પ્રકારના નૃત્યો (નાચો) થતે સતે અને પુષ્કળ દાન આપતે સતે તે રાજા સૂરિપુંગવને અતિશય ભક્તિથી નમસ્કાર કરવાને માટે મોટા આડંબર સહિત તે ઉદ્યાન નજીક

પહોંચ્યો. એટલે હાથી આદિ રાજચિહ્નોનો ત્યાગ કરીને, પાંચ પ્રકારના અભિગમ જાળવવાપૂર્વક વિધિને જાણવાવાળા તે રાજાએ પરિવાર સહિત વિધિપુર:સર તે આચાર્યમહારાજને નમસ્કાર કર્યો. મંત્રી, મિત્રો અને સ્ત્રીઓ વિગેરે પરિવારવાળા તેને ગુરૂએ ઉત્કૃષ્ટ સુખને આપનારો 'ધર્મલાભ' આપ્યો. વરસાદના આવવાથી જેમ મોર હર્ષિત થાય તેમ ગુરૂમહારાજના આગમનથી અત્યંત આનંદને પ્રાપ્ત કરીને સર્વ નગરજનોએ પણ ત્યાં આવી આચાર્યદેવને નમસ્કાર કર્યો. પછી સુંદર શોભાવાળી સભામાં સર્વ ભવ્યજનો પોતપોતાને યોગ્ય સ્થાને યોગ્ય રીતે બેસી ગયા બાદ અખંડ શાંતિ પથરાયે સતે ભવ્યજીવોને મોક્ષ પ્રાપ્ત કરાવવા માટે અને પ્રાણીમાત્રના સંસારરૂપી દુ:ખ-કલેશના નાશને માટે કોમળ અને મધુર વાણીવડે ગુરૂમહારાજે દેશના દેવાનો પ્રારંભ કર્યો કે—

"હે ભવ્યજીવો! રંક મનુષ્ય જેમ ચિંતામણિરત્નને પામે તેમ દુર્લભ મનુષ્ય જન્મ પામીને બુદ્ધિમાન અને વિવેકશાળી મનુષ્યોએ તેનાથી ધર્મરૂપ ફલ પ્રાપ્ત કરવું જોઇએ. રત્નથી પરિપૂર્ણ એવું નિધાન પ્રાપ્ત થયા છતાં મૂર્ખ મનુષ્ય કોડી મેળવવા ઇચ્છે તેમ મોક્ષફળને આપે એવો મનુષ્ય જન્મ પામીને આ પ્રાણી તેનાવડે ભોગને ઇચ્છે છે, પરંતુ આ મનુષ્ય જન્મમાં ધર્મ જ સદા સેવવા લાયક છે. કલ્પવૃક્ષની જેમ તે સર્વ ઇચ્છિતને આપનાર છે. તે ધર્મમાં પણ ગોરસમાં ઘૃતની જેમ સંતોષ સારભૂત છે કહ્યું છે કે— સંતોષરૂપ ભૂષણ જેણે પ્રાપ્ત કર્યું છે તેને સર્વ નિધાનો સમીપ જ છે. કામધેનુ તો તેની પાછળ ચાલે છે અને દેવો કિંકરપણું કરે છે. અસંતોષી એવા ચક્રીને કે ઇંદ્રને પણ સુખ નથી. જેઓ સંતોષવાળા હોય છે તેમને જ તે બંને સુખદાયક સ્થિતિ પ્રાપ્ત થાય છે. અસંતોષથી ઉદ્ભવતો લોભ પરમ વૈરનું કારણ થાય છે, તે ઉપર રાજા, મંત્રી, શ્રેષ્ઠી અને આરક્ષક ( કોટવાળ )ના પુત્રોનું દૃષ્ટાંત છે તે આ પ્રમાણે :—

સર્વ વસ્તુઓના સંકેતવાળું સુંદર અને ઉત્તમ નગર જેવું વસંતપુર નામનું નગર છે. ત્યાં જિતશત્રુ નામે રાજા છે. તે શત્રુ-રૂપ હસ્તીઓના સમૂહમાં સિંહના કીશોર જેવો છે અને પોતાની પ્રજારૂપ કમળને વિકસાવવામાં સૂર્ય જેવો છે. તે નગરમાં રાજા, અમાત્ય, શેઠ ને આરક્ષકના સમાન વયવાળા પુત્રો નિરંતર સાથે રહીને ક્રીડા કરે છે. એક જ લેખશાળામાં તે ચારે સર્વ કળાઓ શીખ્યા. અનુક્રમે તેઓ યુવતીજનના મનને મોહ પમાડનાર યૌવન પામ્યા. બાલ્યાવસ્થાથી જ પરસ્પર સ્નેહવાળા તેઓએ એકદા પૂર્વકર્મના પ્રભાવથી એમ વિચાર કર્યો કે–'આપણે કુવાના દેડકાની જેમ નિરંતર કાયરપુરૂષ જેમ પોતાના ઘરમાં જ બેસી રહે તેમ આ નગરમાં શા માટે રહેવું ? પરદેશ જવાથી અનેક પ્રકારના આશ્ચર્યો જોઇ શકાય અને સજ્જન તેમજ દુર્જનને પણ ઓળખી શકાય અને પૃથ્વીપર ભ્રમવાથી આપણા આત્માની પણ કિંમત આંકી શકાય. જ્યાં સુધી આપણે પોતપોતાના પિતાના કાર્યભારથી આક્રાંત થયા નથી અર્થાત તે બોજો આપણા ઉપર આવી પડયો નથી ત્યાં સુધીમાં નિશ્ચિંત એવા આપણે પૃથ્વીપર રહેલા કૌતુકો શા માટે ન જોઇએ ?' આ પ્રમાણે વિચારીને બીજા ત્રણેએ રાજપૂત્રને કહ્યું કે–'હે કુમાર ! તમારે પોતાના ચિત્તમાં કાંઇપણ ચિંતા ન કરવી, કારણ કે અમે ત્રણે તમારા સેવકરૂપ થઇને અમારી કળામાં સદા રકત રહ્યા સતા તેનાવડે ઉપાર્જન કરેલી વસ્તુઓથી તમારી ખાનપાન વિગેરેની ભકિત કરશું.' (શ્રી આવશ્યકસૂત્રમાં કહ્યું છે કે જેના આધાર ઉપર આખું કુળ હોય તેની આદરપૂર્વક ભકિત કરવી, કારણ કે ગાડાના પૈડાનું તુંબ વિનાશ પામે સતે આરાઓ સાજા રહી શકતા નથી.)

આ પ્રમાણે નિર્ણય કરીને ચારે જણા રાત્રિએ પોતપોતાના માતાપિતાને પૂછ્યા સિવાય પોતપોતાના આવાસથી નીકળીને સંકેતસ્થાને એકઠા થઈ આગળ ચાલ્યા. તે જ દિવસે સાંજે એક

ગામમાં જઇને થાકેલા એવા ત્રણે જણા સુઇ ગયા. તેવામાં ચોરની ધાડ આવી. તે વખતે ખડ્ગ તથા ધનુષ્યને ધારણ કરનારા આરક્ષકના પુત્રે ઘોર યુદ્ધ કરીને તેઓને ભગાડયા. તેઓ જીવ લઇને ત્યાંથી ભાગી ગયા. તે હકીકત જાણવાથી ગામના લોકો બહુ રાજી થયા, એટલે બીજે દિવસે તેઓએ તેમને આદરપૂર્વક જમાડયા. તેઓ જમીને જરાવાર સુખપૂર્વક આસાયેશ લઇને પાછા આગળ ચાલ્યા. અનુક્રમે તેઓ એક નગર પાસે આવ્યા કે જે નગર સર્વવસ્તુઓવડે પરિપૂર્ણ જણાતું હતું. ત્યાં વ્યવહારીના પુત્રે ભોજન મેળવવા ઉદ્યમ કર્યો. બજારમાં દુકાનોની શ્રેણી તરફ આવીને કોઇક વણિકના હાથમાં મુદ્રિકા આપીને તેણે અમુક દ્રમ્મ લીધું. પછી વસ્તુઓની પરીક્ષામાં વિચક્ષણ એવો તે ચતુષ્પથમાં ગયો અને ત્યાંથી કોઇ વસ્તુ સસ્તે ભાવે ખરીદ કરી, તરત જ તે વેચી નાખીને પાંચશે દ્રમ્મ મેળવ્યા. એક પહોરની અંદર એ પ્રમાણે લાભ મેળવીને અદીન એવા તેણે મૂળ દ્રવ્ય પાછું આપીને મુદ્રિકા પાછી મેળવી. પછી મેળવેલા દ્રમ્મવડે ભોજન, વસ્ત્ર, તાંબુલ, કુસુમાદિક ખરીદ કરી મિત્રો પાસે આવીને તે શ્રેષ્ઠીપુત્રે પોતાના મિત્રોને સંતોષ પમાડ્યો. ત્યાં રાત્રિ રહીને પાછા આગળ ચાલ્યા. અનુક્રમે સુરપુર નામના નગરે આવ્યા. ત્યાં કોઇ દેવકુળમાં ચારે મિત્રો આનંદથી રહ્યા. આજે મંત્રીપુત્રનો વારો હોવાથી તે ચતુષ્પથમાં ગયો. તેણે પટહ વાગતો સાંભળીને કોઇને પૂછયું કે—'આ પટહ શા માટે અત્યંત વગાડવામાં આવે છે ?' તેણે જવાબ આપ્યો કે—'હે દૂરદેશમાં રહેનારા મુસાફર! તેનું કારણ સાંભળ. અહીંયા કોઇ સર્વધૂર્ત્તશિરોમણિ મનુષ્ય કોઇ સ્થળેથી આવેલો છે. તેણે અહીંના એક સાર્થવાહને એક દિવસ કહ્યું કે 'હું તમારે ત્યાં છાની રીતે એક લક્ષ દીનાર મૂકી ગયો છું, તે હે સાર્થપતિ ! મને પાછા આપો.' સાર્થપતિએ કહ્યું કે—'તેનો સાક્ષી કોણ છે ?'

ધૂર્ત્ત બોલ્યો કે–‘ છાની થાપણ મૂકવામાં સાક્ષી કોણ હોય ? સાક્ષી તો એક પરમેશ્વર છે.’ આ પ્રમાણે તેઓનો વિવાદ છ માસ ચાલ્યો પણ કોઇ તેનો વિગ્રહ મટાડી શક્યું નહીં તેથી તેઓ રાજસભામાં ગયા. તે બંનેની ઉપર પ્રમાણેની વાતો સાંભળીને રાજાએ અમાત્યોને કહ્યું કે–‘ તમારે બુદ્ધિશાળીઓએ આનો કલહ શીઘ્ર ભાંગી નાખવો.’ પછી બધા મંત્રીઓ એકઠા મળ્યા અને તે બુદ્ધિશાળીઓએ ઘણા દિવસ સુધી આ બાબતનો વિચાર કર્યો પરંતુ તેનો વિગ્રહ મટાડી શક્યા નહિં; તેથી રાજાના આદેશથી આ પટહ વાગે છે કે–‘ જે કોઈ પોતાની બુદ્ધિવડે આનો વિવાદ ભાંગશે તેને રાજા આ મંત્રીઓની પાસેથી લાખ દ્રમ્મ અપાવશે, એમાં જરા પણ શંકા કરવી નહીં.’

આવો ઉદ્‌ઘોષણાપૂર્વક વાગતો પટહ બુદ્ધિમાન મંત્રીએ સ્પર્શ્યો. એટલે ઘોડાપર બેસાડીને રાજાના અધિકારી પુરૂષો તેને રાજા પાસે રાજસભામાં લઇ ગયા. તે મંત્રીપુત્રને સુંદરાકારવાળો તેમજ ચંદ્રમાની જેમ કળાવાળો અને સમુદ્રની જેવો ગંભીર જોઇને રાજા હર્ષ પામ્યો. રાજાએ તેને કહ્યું કે–‘ હે વત્સ ! આ ધૂર્ત્ત ને શ્રેષ્ઠીના વિવાદનો વિવેક હંસ જેમ ક્ષીરનીરનો કરે તેમ કરી બતાવ. ’ પછી મંત્રીપુત્રે તે બંનેને પોતાની પાસે બોલાવ્યા. તેઓ આવ્યા એટલે ધૂર્ત્તને જોઇને મંત્રીપુત્ર એકદમ બોલ્યો કે–‘ અહો હે ભદ્ર ! મેં તમને ઓળખ્યા, બહુ કાળે ભાગ્યયોગે તમે દેખવામાં આવ્યા પણ બહુ ઠીક થયું. હે ભાઇ ! મેં તમારી પાસે ચાર લક્ષ દ્રવ્ય પરમાત્માને સાક્ષી રાખીને મૂકેલું છે તે સત્વર આપી દો. ( મારે ખપ છે. )’ આ પ્રમાણે સાંભળીને પેલો ધૂર્ત્ત શાખાભ્રષ્ટ થયેલા વાનર જેવો અને ઝાંખા મુખવાળો થઇ ગયો. પછી તે બોલ્યો કે–‘ ધર્મથી જ જય છે, અધર્મથી નથી.’ આ પ્રમાણેના ધૂર્ત્તના વચનો સાંભળીને રાજાએ તેના પર કોપા-

યમાન થઈને રાજપુરૂષોને હુકમ કર્યો કે–' આને આખા નગરમાં ફેરવી તેની વિગોવણા કરીને એને ચોરની જેમ મારી નાખો.' તે વખતે મંત્રીપુત્રે રાજાના પગમાં પડી યાચના કરીને તે મહા-ધૂર્ત્તને જીવતો છોડાવી દેશપાર કરાવ્યો. રાજાએ ' અહો બુદ્ધિ ! અહો બુદ્ધિ ! અહો તેના ધર્મની પ્રશસ્યતા !' એમ કહીને મંત્રી-ઓની પાસેથી તેને લાખ દ્રમ્મ તરતજ અપાવ્યા. લોકો ક્હેવા લાગ્યા કે–' આ પુરૂષને ધન્ય છે કે જેણે આપણા શ્રેષ્ઠીપુંગવને ઉપાધિમુક્ત કર્યા.' આ પ્રમાણે સર્વ લોકોની પ્રશંસા સાંભળતો તે મંત્રીપુત્ર બજારમાં આવ્યો અને તે દ્રવ્યવડે અન્નપાનવસ્ત્રાદિ ગ્રહણ કરી મિત્રો પાસે આવ્યો અને મિત્રોને યથેચ્છ ખાનપાનવડે પ્રસન્ન કર્યા. ' ગૃહસ્થોને અર્થ એ કલ્પવૃક્ષ તુલ્ય છે.'

પછી તેઓએ વાપી, કૂપ, સરોવર, કમળો અને પ્રાસાદો વિગેરે ચિત્રવિચિત્ર એવા ચોતરફ ફરીને જોયા, કારણ કે તેઓ કૌતુકપ્રિય હતા. સ્વેચ્છાવિહારી એવા તેઓ ત્યાં કેટલોક કાળ રહીને દૂર દેશ જોવાની ઇચ્છાવડે પાછા ત્યાંથી આગળ ચાલ્યા. માર્ગમાં એક મહાઘોર અટવી આવી. તે સિંહ, વાઘ, હાથી વિગેરે શ્વાપદોથી વ્યાપ્ત હતી. યોગી જેમ સંસારનો પાર પામે તેમ તેઓ સુખે સુખે તે અટવીનો પાર પામ્યા. એક દિવસ સંધ્યાકાળે તેઓ એક વિસ્તિર્ણ વડવૃક્ષની નીચે આવ્યા. ગ્રામની નજીકના જ તે ભાગમાં ચાલવાથી થાકેલા અને વિસામાના ઇચ્છક એવા તે ચારે ત્યાં જ રાત્રિવાસો રહ્યા. રાત્રિના ચાર પહોરે ચોકી કરવા માટે એકેક જણના વારા ઠરાવી એકેક જણે પહેરે-ગિર તરીકે જાગૃત રહેવાનું અને બાકીના ત્રણ મિત્રોએ કોમળ સ્થળ જોઇને શયન કરવાનું ઠરાવ્યું.

પહેલે પહોરે રાજપુત્રનો વારો હોવાથી તે જાગતો હતો. તે વખતે અંતરિક્ષમાં રહીને કોઈ બોલ્યું કે ' પડું ?' આ પ્રમાણે

વારંવાર તેવો શબ્દ સાંભળવાથી સાહસિકશિરોમણિ અને વીર એવો રાજપુત્ર બોલ્યો કે–' વારંવાર પડું પડું શું કામ બોલે છે ? પડવું હોય તો તરત જ યથેચ્છપણે પડ.' વળી અંતરિક્ષમાંથી અવાજ આવ્યો કે–' મારા પડવાથી તમને સર્વને મોટા અર્થની સાથે અનર્થની પણ પ્રાપ્તિ થશે.' તે સાંભળીને રાજપુત્ર બોલ્યો કે–' જો અર્થથી અનર્થ થાય, અમૃતથી મરણ થાય અને કર્પૂરથી દાંતનું પડવું થાય તો ભલે થાઓ.' કુમારના આવા વચનોથી અનેક વિદ્યુતદંડ જેવો સ્ફુરાયમાન કાંતિવાળો અને દિશાઓને પ્રકાશિત કરતો એક સુવર્ણપુરૂષ ત્યાં પડ્યો. તૃષ્ણારૂપી નદીઓને વર્ષા સમાન તેને જોઇને હર્ષિત થયેલા કુમારે કોઇ જગ્યાએ ખાડો ખોદીને તેમાં તે પુરૂષને ગોઠવ્યો. બીજા ત્રણ મિત્રોના પહેરાના વખતે પણ તે જ પ્રમાણે બન્યું અને તેમણે પણ એક–બીજા ન જાણે તેમ તે સુવર્ણપુરૂષને જૂદે જૂદે સ્થાને ગોપવ્યો. પછી પ્રભાત થયું, પરંતુ પોતપોતાના સુવર્ણપુરૂષ સંબંધી લાલસાવાળા તેઓ ત્યાંને ત્યાં આમતેમ ભમવા લાગ્યા. કોઈનું મન ત્યાંથી આગળ ચાલવાનું થયું નહીં. પછી રાજા અને કોટવાળના શસ્ત્રધારી પુત્રો એકાંતમાં મળ્યા અને પોતપોતાનું રહસ્ય એકબીજાને કહ્યું. મંત્રી ને શ્રેષ્ઠીના પુત્રોએ પણ એ જ રીતે એકબીજાને કહ્યું.

હવે રાજા અને કોટવાળના પુત્રોએ પરસ્પર વિચાર કર્યો કે–'આપણે આ વણિકપુત્રોનું શું કામ છે ? આપણા ભાગ્યથી મળેલા સુવર્ણપુરૂષમાંથી તેમને ભાગ શા માટે દેવો જોઇએ ? માટે તેને મારી નાખીએ; નહીંતર તો ભાગ દેવો પડશે.' આ પ્રમાણે વિચારીને તે બંનેને ગામમાં આહારાદિ લેવા મોકલ્યા

અને તેઓ આવે ત્યારે તેને મારી નાખવા સારૂ તેઓ હાથમાં તલવાર રાખીને વૃક્ષના મૂળમાં સંતાઇ રહ્યા. પેલા બે જણાઓ પણ ભોજન માટે માર્ગમાં અન્યોન્ય વાતો કરવા લાગ્યા કે–'આપણા પુણ્યથી આપણને બંનેને સુવર્ણપુરૂષની પ્રાપ્તિ થઈ છે, તે જો આપણા બે ક્ષત્રિય મિત્રો જાણશે તો તે મૈત્રી-ભાવથી બળાત્કારે ભાગ પડાવશે, માટે એને મારી નાખવા એ જ યુક્ત છે.' આમ વિચારીને તેઓ અન્નને વિષમિશ્રિત કરીને લાવ્યા. તે બહાર આવ્યા એટલે વૃક્ષના મૂળ પાસે સંતાઈ રહેલા બે જણાએ તે બંનેને મારી નાખ્યા. પછી લાવેલું અન્નાદિ વિષમિશ્રિત છે એમ ન જાણવાથી તે બંને ક્ષત્રિયોએ ક્ષુધાક્રાંત હોવાથી ખાધું જેથી તેઓ પણ ત્યાં જ મરણ પામ્યા.

હવે તે અવસરે આકાશમાર્ગે નંદીશ્વરદ્વીપની યાત્રા કરવા માટે રાજહંસ જેવા ઉજ્વળ બે ચારણમુનિઓ જતા હતા. તેમાંથી શિષ્યે ગુરૂને પૂછયું કે–'હે સ્વામી ! આ ચારમાં બે શસ્ત્રઘાતથી ને બે વિષપ્રયોગથી કેમ મરણ પામ્યા ? તે કહો.' ત્યારે ગુરૂએ કહ્યું કે–'હે વત્સ ! સાંભળ. પૂર્વે સુગ્રામ નામના ગામમાં સુદ્રઢ નામના રાજાને ચાર શ્રેષ્ઠ સેવકો હતા. તે ચારેને વૈરીએ ગ્રહણ કરેલું પોતાનું ગામ બાળી નાખીને અને લોકોને મારી નાખીને વૈર વાળવા માટે તેના સ્વામી રાજાએ મોકલ્યા. તે ગામને પશુઓ, સ્ત્રીઓ ને બાળકો વિગેરેથી વ્યાપ્ત–ભરપૂર જોઇને દયાવડે આર્દ્રચિત્તવાળા તેઓ પોતાના ચિત્તમાં આ પ્રમાણે વિચાર કરવા લાગ્યા કે–'સેવકોના જીવિતને ધિક્કાર છે કે જેઓ સદૈવ પરાધીન વૃત્તિવાળા હોવાથી ક્ષણમાત્ર પણ સુખ મેળવી શકતા નથી. સેવકો પોતાની ઉદર-

પૂર્તિ માટે પરતંત્રપણું સ્વીકારીને ઘોર પાપો કરે છે અને પોતાના આત્માને નરકમાં લઇ જાય છે, માટે આપણે તો મહાપાપને બંધાવનારૂં આ ગામને બાળી દેવારૂપ કાર્ય કરવું નહીં.' આ પ્રમાણે વિચારી કોઈક નજીકના ખેતરમાં ઘાસના પુળાનો સંચય હતો તે બાળી દીધો. તે પુળાની ગંજીમાં કોઈક હાલિક વાડીવાળાના ભયથી સંતાઇ રહ્યો હતો તે પણ બળી ગયો. તે હાલિકનો જીવ મરણ પામીને વ્યંતર થયો. 'જળ ને અગ્નિથી મરણ પામેલા જીવો સૌમ્યભાવવાળા હોય છે તો તે વ્યંતર થાય છે.' પેલા ચાર સેવકો મરણ પામીને રાજા, અમાત્ય, શ્રેષ્ઠી ને કોટવાળના પુત્રપણે જન્મ્યા. પુણ્યયોગથી તેઓ સુંદર રૂપ ને આકૃતિવાળા થયા. આજે કર્મયોગે તે ચારેને આ સુંદર વૃક્ષ નીચે આવેલા જોઇને, અવધિજ્ઞાનવડે તેને પૂર્વ-ભવના વૈરી જાણીને તેમના વધને માટે ચાર સ્વર્ણપુરૂષ થઇને દરેક પહોરે તે વ્યંતર પડ્યો. તે સ્વર્ણપુરૂષના લોભથી રાજા ને આરક્ષકના પુત્રે બીજા બે મિત્રને શસ્ત્રવડે હણ્યા અને તે બે જણા વિષમિશ્રિત અન્ન ખાવાથી મરણ પામ્યા. વ્યંતર પોતાના વૈરનો ધાર્યા પ્રમાણે બદલો મળવાથી હર્ષ પામ્યો અને 'મેં બરાબર છળવડે બદલો લીધો' એમ તેણે માન્યું.'

આ પ્રમાણે કહીને તે મુનિઓ ત્યાંથી આગળ ચાલ્યા ગયા. એ પ્રમાણે લોભથી અંધ બનેલા અને સંતોષરૂપી અંજનથી રહિત જીવો ભવરૂપી મહાઅરણ્યમાં હમેશાં અત્યંત કષ્ટોને સહન કરે છે; તેથી હે રાજન્! કરેલું વૈર કોઈપણ પ્રકારે અન્ય ભવમાં પણ પ્રાણીઓને અત્યંત પીડાકારી થાય છે."

તૃષ્ણા-સ્પૃહા-લોભ ઉપર રાજકુમાર, મંત્રીપુત્ર, શ્રેષ્ઠીપુત્ર અને કોટવાળના પુત્રની કથા સંપૂર્ણ.

આ પ્રમાણેનું દૃષ્ટાંત ગુરૂમહારાજને મુખે સાંભળીને આશ્ચર્ય પામેલો સુમિત્રરાજા બોલ્યો કે–' હે પ્રભુ ! અજ્ઞાનપણામાં કરેલા એક મનુષ્યના નાશથી પણ અન્ય ભવમાં તેઓને દુઃખે કરીને અંત કરી શકાય એવું ફળ ભોગવવું પડ્યું તો અમારા જેવા જાણીબૂઝીને હિંસા કરનાર જીવોની કઇ ગતિ થશે ? '

ગુરૂમહારાજે કહ્યું કે–' સંવૃત આત્મા જો બાર પ્રકારે તપનું આચરણ કરે તો સર્વ કર્મનો ક્ષય જરૂર થાય. બળતા એવા બાહ્ય અને અભ્યંતર તપરૂપ અગ્નિમાં દુર્જર–નીકાચિત એવા કર્મો પણ તત્કાલ લય–નાશ પામે છે.' આ પ્રમાણે સાંભળીને કર્મના ફળથી ભયભીત થયેલા તે રાજાએ સંસારરૂપી સમુદ્રમાં નાવ સમાન એવું ચારિત્ર ગ્રહણ કરવા ઈચ્છા દર્શાવી. ત્યારે ગુરૂએ કહ્યું કે–' હે રાજન્ ! તારે પૂર્વભવમાં ઉપાર્જન કરેલા દાનપુણ્યના ફળરૂપ નીકાચિત ભોગો ભોગવવાના હજુ બાકી છે. દેવોને પણ દુર્લભ એવા ભોગો તારે લાંબા કાળ સુધી ભોગવવાના છે, માટે સાંપ્રત કાળે–હાલમાં ચારત્ર લેવાની તમારી યોગ્યતા નથી.' રાજાએ કહ્યું કે–' હે સ્વામિન ! તેવા ભોગો ભોગવવાથી શું કે જે ભોગો વિષવાળા અન્નની જેમ ખાધા પછી પર્યંતપરિતાપી એવા મહા માઠા વિપાકને આપે ?' ગુરૂએ કહ્યું કે–' હે નૃપ ! તમે સત્ય કહ્યું પરંતુ કેટલાક કર્મો એવા હોય છે કે જે ભોગવ્યા સિવાય છુટકો થતો જ નથી. કહ્યું છે કે :—

**नाभुक्तं क्षीयते कर्म कल्पकोटिशतैरपि ।**
**अवश्यमेव भोक्तव्यं कृतं कर्म शुभाशुभं ॥**

' ક્રોડોગમે વર્ષો વ્યતીત થઇ જાય તો પણ બાંધેલુ કર્મ ભોગવ્યા સિવાય ક્ષય પામતું નથી. શુભ કે અશુભ

કરેલું કર્મ અવશ્ય ભોગવવું જ પડે છે.' વળી સર્વે જીવો પૂર્વે કરેલા કર્મોના ફળરૂપ વિપાકને પામે છે. લાભમાં કે હાનિમાં અન્ય તો નિમિત્તમાત્ર જ થાય છે. હે રાજન્! આજથી એક લાખ વર્ષ પછી કેવળી ગુરૂની પાસેથી તમને અવશ્ય દીક્ષા પ્રાપ્ત થશે, ત્યાં સુધી હું કહું છું તે શ્રાવકધર્મ તમારે સુખપૂર્વક આરાધવો. એથી તમારા કેટલાક કર્મોની નિર્જરા થશે.'

આ પ્રમાણે ગુરૂમહારાજના કહેવાથી સુમિત્ર રાજાએ પ્રિયંગુમંજરી રાણી સહિત શ્રાવકધર્મ ઘણા હર્ષપૂર્વક અંગીકાર કર્યો. તે વખતે સમ્યક્ત્વયુક્ત બાર વ્રતરૂપ શ્રાવકધર્મ તેમજ સાધુધર્મ પણ નગરના અનેક જનોએ સ્વીકાર્યો. રાજા ગુરૂમહારાજને નમીને પોતાના નગરમાં આવ્યો એટલે ગુરૂમહારાજે પણ ત્યાંથી અન્યત્ર વિહાર કર્યો.

પછી સુમિત્રરાજાએ પૃથ્વીપર હજારો જિનમંદિરો કરાવ્યા કે જે પોતાના પુણ્યપુંજની જેવા ઉજ્વળ તોરણોવાળા અને ઘણા ઉંચા હતા. તે મંદિરોમાં લાખો જિનપ્રતિમાઓ તેણે સ્થાપન કરી કે જે સુકૃતવડે ભરેલા સુવર્ણના નિધાનરૂપ કળશ જેવી હતી. પ્રતિવર્ષ તે રાજા તીર્થયાત્રાદિ મહોત્સવો કરતો હતો અને નિરંતર અર્હંત્ ચૈત્યમાં મોટી ઋદ્ધિ સાથે સ્નાત્રપૂજા કરતો હતો. તેણે સર્વે સાધર્મિકોને દાણ વિગેરેના કરથી મુક્ત કર્યા તેથી મૂળ દ્રવ્યથી મળેલા કરીયાણાઓના ક્રય-વિક્રયથી ઘણા શ્રાવકો કોટીશ્વર થઇ ગયા. રાજા ઉભય કાળ આવશ્યક (પ્રતિક્રમણ) કરે છે અને ભક્તિ તેમજ શક્તિપૂર્વક ત્રણે કાળ જિનાર્ચન કરે છે. દરમહીને લાખનું અને દરવર્ષે ક્રોડ સાધર્મીઓનું વાત્સલ્ય ભોજન કરાવવાપૂર્વક કરે છે, અને તે વખતે દરેક સાધર્મીઓને રત્નકંબળ, દિવ્ય વસ્ત્રો

તથા રત્નોના આભરણો આપે છે. પર્વદિવસે હજારો રાજાઓની સાથે ઉપવાસયુક્ત પોસહ કરે છે અને બીજે દિવસે સર્વને હર્ષપૂર્વક પારણા કરાવે છે. ન્યાયરૂપ વલ્લીસમૂહમાં ચંદ્રસમાન અને અન્યાયરૂપ સમુદ્ર માટે અગસ્તિ ઋષિ સમાન તે રાજાએ પોતાના રાજ્યમાં મારીનું તેમજ માર એવા શબ્દનું નિવારણ કરી દીધું.

આ પ્રમાણે પુણ્યપ્રભાવથી તે રાજા દિનપરદિન ધર્મકાર્યમાં વૃદ્ધિ પામવા લાગ્યો અને તેનું રાજ્ય પણ દ્વિતીયાના ચંદ્રની જેમ પ્રથ્વીપર વૃદ્ધિ પામતું ગયું અર્થાત્ ઘણું વધ્યું. પ્રિયંગુમંજરી વિગેરે સ્ફાર રૂપલાવણ્યવાળી નવ હજાર અંતઃપુરીઓ (રાણીઓ) થઇ, એક હજાર રાજાઓ તેના સેવકભૂત થયા, પાંચશે મંત્રીઓ થયા. આ બધા રાજહંસના સમૂહની જેમ તેના ચરણકમળને સેવતા હતા. હાથી, ઘોડા ને રથ વીશ વીશ લાખ થયા. પદાતિ અને ગ્રામો ચાલીશ ક્રોડ થયા, બત્રીશ હજાર નગરો થયા. આ પ્રમાણે તે રાજાની અનેક પ્રકારની સંપદા આ ભૂમિતલ ઉપર થઈ.

અન્યદા પાછલી રાત્રે પ્રિયંગુમંજરી રાણીએ સ્વપ્નમાં સ્ફુરાયમાન રૂપવાળા ઇંદ્રને દીઠા. પ્રાતઃકાળે હર્ષિત આશયવાળી તેણીએ તે હકીકત ભર્ત્તારને નિવેદન કરી. રાજાએ કહ્યું કે–'તમને એક સુપુત્રની પ્રાપ્તિ થશે.' તે દિવસથી તેણીએ ગર્ભ ધારણ કર્યો. તે ગર્ભ ભર્ત્તારના મનોરથ સાથે વૃદ્ધિ પામવા લાગ્યો. રાણી પરિમિત ને હિતકારી રસોવડે યત્નપૂર્વક ગર્ભનું પોષણ કરવા લાગી. યોગ્ય સમયે પૂર્વ દિશા જેમ સૂર્યને પ્રસવે તેમ તેને પુત્રનો પ્રસવ થયો. તે પોતાના પરિવારના સમૂહમાં આનંદદાયક થયો અને પિતાના શત્રુઓરૂપ અંધકારનો નાશ કરનાર થયો. રાજા પુત્રજન્મની હકીકત

જાણીને પરમાનંદ પામ્યો અને વિસ્તારથી જન્મોત્સવ કર્યો. ઘણા મનુષ્યોને વધામણીઓ આપી. ષષ્ટીજાગરિકા વિગેરે મહોત્સવો વ્યતિક્રાંત થયે સતે બારમે દિવસે રાજાએ પોતાના જ્ઞાતિવર્ગનું અન્નપાનાદિવડે સન્માન કરીને, આ પુત્ર ગર્ભમાં આવ્યો ત્યારે તેની માતાએ ઇંદ્રને સ્વપ્નમાં જોયા હતા તેથી સ્વપ્નાનુસારે તેનું **ઇંદ્રદત્ત** નામ પાડ્યું.

માતાપિતાના મનોરથો સાથે ધાત્રીઓથી પાલનપોષણ કરાતો તે પુત્ર વૃદ્ધિ પામવા લાગ્યો. અનુક્રમે તે આઠ વર્ષનો થયો. બાલ્યાવસ્થામાં તે રાજપુત્ર અન્ય કુમારોની સાથે પોતાને ઉચિત એવી અનેક પ્રકારની ક્રીડાઓ અહર્નિશ કરવા લાગ્યો. ત્યારપછી કળાચાર્યની પાસેથી સર્વ શુભ કળાઓ શીખ્યો. અનુક્રમે તે સર્વ સ્ત્રીવર્ગને વશ કરવાના ઔષધસમાન યૌવનાવસ્થા પામ્યો. એટલે માતાપિતાએ મોટા આનંદ–ઉત્સવ સહિત ચોસઠ કળાયુક્ત પાંચ સો રાજકન્યાઓ પરણાવી. જૈન શાસનની પ્રભાવના કરતા શ્રી સુમિત્ર રાજાને શ્રાવકધર્મનું પ્રતિપાલન કરતાં એક લાખ વર્ષ સુખે વ્યતીત થઈ ગયા.

અન્યદા રાજા સભામાં બેઠેલ છે તેવામાં દ્વારપાળે આવીને વિજ્ઞપ્તિ કરી કે-' હે મહારાજ ! બહાર વનપાલક ઉભો છે, તે આપને હર્ષના ઉત્કર્ષ સાથે નિવેદન કરે છે કે–' આપના ઉદ્યાનમાં સુરાસુર ને મુનીશ્વરોથી સેવાતા **શ્રીયશોભદ્ર** નામના કેવળી ભગવંત સમવસર્યા છે.' આ હકીકત સાંભળીને વરસાદનો ગર્જારવ સાંભળવાથી મયૂર હર્ષિત થાય તેમ ઉત્કંઠિત થઇને રાજાએ તે વનપાળકને દારિદ્રનો વિધ્વંસ કરનાર દાન અપાવ્યું. પછી ક્ષમા એટલે પૃથ્વીના અધીશ એવા તે રાજાએ ક્ષમા એટલે શાંતિના અધીશ એવા

કેવળી ભગવંતને નમસ્કાર કરવા માટે હસ્તીપર આરૂઢ થઈને પરિવાર સાથે પ્રયાણ કર્યું. ગુરૂ સમિપ આવતા હાથીપરથી ઉતરી ત્રણ પ્રદક્ષિણા દઈને તેણે કેવળી ભગવાનને નમસ્કાર કર્યો. કેવળીએ ધર્માશીષ આપી એટલે રાજા વિગેરે યોગ્ય સ્થાને બેઠા. પછી દાંતની કાંતિથી ઉન્મિશ્ર ઓષ્ઠની રક્ત કાંતિવડે મુક્તાફળ ને પ્રવાલના ચૂર્ણનો સંગમ કરતી હોય તેવી ગાયના દુધને તેમજ અમૃતને અનુસરનારી મનોજ્ઞ વાણીવડે ત્રણ લોકના પ્રાણીઓને આહ્લાદ ઉત્પન્ન કરે તેવી મધુર દેશના દેવી શરૂ કરીઃ–

" અહો ભવ્ય લોકો ! અંતર્મુખી ભાવનો આશ્રય કરીને તેમજ મનોદૃષ્ટિવડે સારી રીતે જોઈને અસારને તજી દઈ સારનો સંગ્રહ કરો. આ અસાર સંસારમાં સર્વ સંસારી જીવોને ચિંતામણિરત્નની જેવું અમૂલ્ય અને સારભૂત માનુષ્ય ( મનુષ્યપણું ) પ્રાપ્ત થવું અતિ દુર્લભ છે. તેમાં પણ સારા કુળમાં ઉત્પત્તિ, દીર્ઘ આયુ, નિરોગીપણું, ધર્મ કરવાની ઇચ્છા અને સદ્‌ગુરૂનો યોગ આ બધી સામગ્રીની પ્રાપ્તિ વિશેષ દુર્લભ છે. એવી દુર્લભ સામગ્રી પામીને મનોવાંચ્છિત ફળને આપે તેવો જિનેશ્વરભાષિત ધર્મ જ સદા સેવવા યોગ્ય છે. આ ભવરૂપી ભયંકર અટવીમાં પૂર્વે કરેલાં કર્મથી પ્રેરાયેલા પ્રાણીઓ હરણોની જેમ ભ્રાંતિવડે ચોતરફ ભ્રમણ કરતા સતા વ્યર્થ દુઃખી થાય છે. આ સંસારમાં સુખની ઝંખના કરતા સતા પગલે પગલે દુઃખથી દગ્ધ થતા જીવો પવને ઉડાડેલા ખાખરાના પાનની જેમ ચોતરફ ચારે ગતિમાં ભમે છે. હા ઇતિ ખેદે ! ભવ ( સંસાર ) થી ઉદ્વિગ્ન થયેલા કેટલાક ભવ્ય જીવો પણ કોઇ મૂર્ખ ઇચ્છિતનો અર્થી છતાં કલ્પવૃક્ષને ન સેવે તેમ આ લોકમાં ને પરલોકમાં સુખને આપનાર ધર્મને–જિને–

શ્વરના આદેશને સેવતા નથી.”

એ અવસરે સુમિત્રરાજાએ હાથ જોડીને પૂછ્યું કે–“ હે સ્વામિન્! મેં અને પ્રિયંગુમંજરીએ પૂર્વભવમાં શું પુન્ય કર્યું હતું કે જેથી આવા સામ્રાજ્યની અમને પ્રાપ્તિ થઇ અને શું પાપ કર્યું હતું કે જેથી વૈરિણી વેશ્યાએ અમારી મહાદુઃખદાયક દુર્દશા કરી ?’ ગુરૂમહારાજે કહ્યું કે ‘ હે રાજન્! તારો પૂર્વભવ સાંભળ.

પૂર્વે **સુગ્રામ** નામના ગામમાં **ક્ષેમસાર** નામનો એક કુટુંબી વસતો હતો. તેને **ક્ષેમશ્રી** નામે ભાર્યા હતી. તથા **સોમ, સોહડ, લક્ષ્મણ** અને **ભીમ** નામના પ્રેમના ભાજનરૂપ ચાર મિત્રો હતા. તે પાંચે મિત્રો મોટા આરંભ, સમારંભ અને પરિગ્રહવાળા અને ખેતી કરીને ગુજરાન ચલાવનારા હતા. એકદા ક્ષેમશ્રીએ કહેલું કોઇ કાર્ય તેની ચાકરડીએ કર્યું નહીં તેથી કોપાયમાન થયેલી તેણીએ તે વાત પોતાના ધણી (ક્ષેમસાર)ને કહી. એટલે ક્ષેમસારે તે નોકરડીને અંધકારમય ભોંયરામાં પૂરી, જ્યાં તે ત્રીશ મુહૂર્ત્ત સુધી મૂર્ચ્છિત અવસ્થામાં પડી રહી. પાછળથી ક્રોધને તજી દઇને દયાથી ભીંજાયેલા મનવાળા તેણે તેને બહાર કાઢી, પરંતુ તે ( ચાકરડી ) મનમાં અત્યંત સંતાપ ધારણ કરવા લાગી. એકદા ભવાની ( પાર્વતી ) સાથે મહેશ્વર ( શંકર ) ની જેમ ક્ષેમશ્રી સાથે ક્ષેમસાર પોતાના ઘરમાં બેઠો હતો, તેવામાં બીલકુલ સુશ્રુષા કર્યા વિનાના દેહવાળા, વનમાં રહેતા હાથીની જેવા, વેલડીવાળા વૃક્ષની જેમ જેના શરીરની નસો દેખાય છે તેવા, પ્રતાપવડે સૂર્યની જેમ તપના પ્રભાવથી કાંતિયુકત અંગોવાળા, ખેડેલા ખેતરની ભૂમની જેમ જેના બંને પડખા

પ્રત્યક્ષ ખાડાવાળા દેખાય છે તેવા કોઈ મુનિરાજને માસખમણના પારણાને માટે આવેલા જાણે સાક્ષાત્ પુણ્યની મૂર્તિ હોય તેવા તેમણે જોયા. વિશુદ્ધ આત્મપરિણતિવાળા તેઓ ઉઠીને સ્ત્રી સહિત વિશુદ્ધ અન્નપાનના દાનથી તે મહામુનિને માસખમણનું પારણું કરાવ્યું. તે સમયે પાંચ દિવ્યો પ્રગટ થયા, તે જાણે એમ સૂચવતા હોયની કે સુપાત્રે દાન આપવાથી દેનાર-દાતાને પંચમી ( મોક્ષ ) ગતિ પ્રાપ્ત થાય છે. સોમ વિગેરે તેના મિત્રો તે વખતે ત્યાં આવ્યા. તેઓ તે બંનેએ માસખમણવાળા મુનિને કરાવેલા પારણાની અનુમોદના કરવા લાગ્યા. પોતાના આત્માને ધન્ય માનનારા તે છએ મનુષ્યો આયુ પૂર્ણ કરીને શુભધ્યાને કાળધર્મ પામ્યા અને સૌધર્મ દેવલોકમાં દેવ થયા. એ અત્યંત સુખવાળા સ્થાનમાં તેઓ અનેક પ્રકારના સુખો ભોગવીને આયુ પૂર્ણ થયે ચ્યવ્યા. તેમાં ક્ષેમસારનો જીવ હે રાજન્ ! તમે સુમિત્ર થયા, ક્ષેમશ્રીનો જીવ પ્રિયંગુમંજરી નામની તમારી રાણી થઈ, સોમ પ્રમુખ ચાર મિત્રો આ ભવમાં પણ તમારા સૂર વિગેરે ચાર મિત્રો પૂર્વભવના સંબંધને લઇને થયા. દાન-પુણ્યના પ્રભાવે તમને આ સર્વ સંપત્તિની પ્રાપ્તિ થઈ. હે રાજન્ ! ધર્મના સેવનથી શું શું પ્રાપ્ત થતું નથી ? ધર્મ ઉત્કૃષ્ટ મંગળ છે, ધર્મ સદા સુખને કરનાર છે, ધર્મ સજ્જનોને સમૃદ્ધિનો આપનાર છે અને ધર્મ કર્મમળને દૂર કરનાર છે; માટે ઉત્તમ જનોએ ધર્મરૂપ કલ્પવૃક્ષ નિરંતર સેવન કરવા યોગ્ય છે. તે ધર્મરૂપ કલ્પવૃક્ષ દાન, શીલ, તપ ને ભાવરૂપ ચાર શાખાવાળો છે અને સર્વ પ્રકારના સુખરૂપ ફળને આપનારો છે. વળી ઉત્તમ જનોએ સુર, અસુર અને મનુષ્યની સ્ફાર સમૃદ્ધિરૂપ ફળને આપનારી

ધર્મ નામની કલ્પવેલડી પ્રયત્નવડે સેવવા યોગ્ય છે. હે રાજન્! તમારી જે દાસી હતી કે જેને તમે કષ્ટ આપ્યું હતુ તે તમારાપર દ્વેષ વહન કરતી દુષ્ટ ભાવે મરણ પામીને ઘણા ભવ સંસારમાં ભમી પ્રાંતે શ્રી વિજયનગરમાં વૈરિણી નામે વેશ્યા થઇ. તેણે પૂર્વજન્મના વૈરભાવથી તમને મહાદુઃખ આપ્યું, કેમકે વૈરી શું શું કરતો નથી..?"

આ પ્રમાણે કેવળીના મુખેથી પૂર્વભવ સંબંધી પોતાનો અનુભવેલો સર્વ વૃત્તાંત સાંભળવાથી તેને જાતિસ્મરણ જ્ઞાન થયું. તે જ્ઞાનવડે જેવું કેવળીએ કહ્યું હતું તેવું પોતાનું સર્વ વૃત્તાંત યથાસ્થિત જાણીને સંસારથી ભય પામેલા અંતઃકરણવાળા બંને ( રાજા-રાણી ) ચારિત્ર લેવાને ઉદ્યુકત થયા. તેમણે ગુરૂમહારાજને કહ્યું કે-'હે પ્રભુ! અમે રાજ્યસંબંધી ઘટિત વ્યવસ્થા કરીને સત્વર આપની પાસે આવી દીક્ષા ગ્રહણ કરશું.' ગુરૂએ કહ્યું કે 'હે મહાનુભાવ! શુભ કાર્યમાં પ્રતિબંધ ( વિલંબ ) ન કરવો.' ગુરૂમહારાજને નમીને તેઓ પોતાને સ્થાને આવ્યા અને રાજ્યની યોગ્ય વ્યવસ્થા કરી.

પછી ચાર ગતિને દૂર કરનાર ચતુર્વિધ સંઘની યથાયોગ્ય સેવા કરીને, દીનજનોના વાંચ્છિતને ધનના સમુચ્ચયવડે પૂર્ણ કરીને, પોતાના પુત્ર ઇંદ્રદત્તને આગ્રહપૂર્વક રાજ્યે સ્થાપન કરીને વ્રત ગ્રહણ કરવા માટે કેવળી ભગવંત પાસે, મોટા મહોત્સવપૂર્વક આવ્યા અને ચારિત્ર ગ્રહણ કર્યું. સૂર, સીધર, સૂત્રામ ને સાગરે પણ ચારિત્ર ગ્રહણ કર્યું. બીજા પણ ઘણા મનુષ્યોએ સમ્યકૃત્વ અને વ્રતાદિક ગ્રહણ કર્યા. પછી કેટલાક દિવસ ત્યાં રહીને કેવળી ભગવંતે બધા સાધુઓની સાથે ત્યાંથી વિહાર કર્યો. સૂરાદિક ચાર મિત્રો તીવ્ર તપ તપીને સ્વર્ગે ગયા, તેઓ મહાવિદેહ

ક્ષેત્રમાં મનુષ્ય થઈને કર્મમાત્રનો ક્ષય કરી સિદ્ધિપદને પામશે.

હવે રાજા-રાણી બંને શ્રી ગુરૂમહારાજની પાસેથી બંને પ્રકારની શિક્ષાને ગ્રહણ કરતા સતા તેમની સાથે જ વિહાર કરવા લાગ્યા અને અનેક પ્રકારના તપો તપવા લાગ્યા. વારંવાર પોતાના રાજ્યમાં જઈને પોતાના પુત્રને ધર્મમાં પ્રેરણા કરવા લાગ્યા અને વ્યસનોના સેવનથી દૂર રાખવા લાગ્યા. આ પ્રમાણે પોતાના ગુરૂતરીકે માતાપિતાએ આપેલી શિક્ષાવડે પોતાના આત્માને ધન્ય માનતો ઇંદ્રદત્ત રાજા ધર્મમાં અત્યંત દૃઢ થયો.

શ્રી સુમિત્ર રાજર્ષિ અને પ્રિયંગુમંજરી સાધ્વી બંને ધૈર્યતાથી ખડ્ગની ધારાસમાન ચારિત્રને પાળતા હતા. અન્યદા તેમનું ચારિત્રમાં સ્થિરપણું જોઈને દેવોની સમક્ષ ઇંદ્ર વારંવાર તેમની અત્યંત પ્રશંસા કરવા લાગ્યા. તેને નહીં સહન કરતો કોઈ મિથ્યાત્વી દેવ ત્યાંથી અહંકારયુક્ત થઈને મનુષ્યલોકમાં આવ્યો. તેણે અનેક પ્રકારે ચળાવવાનો પ્રયત્ન કર્યો પણ તેઓ ચળ્યા નહીં, એટલે ચલાયમાન કુંડળવાળો તે દેવ પ્રગટ થઈ, ખમાવી, ઇંદ્રે કરેલી પ્રશંસાની હકીકત કહીને પોતાને સ્થાને ગયો. ત્યારપછી કેવળીગુરૂની પાસે જ આગમોનો અભ્યાસ કરીને વિનયાદિ ગુણોવાળા તે બંને ગીતાર્થમાં શિરોમણિ થયા. તેઓ ચંદ્રની જેવા અત્યંત સૌમ્ય, મેરૂપર્વત જેવા નિશ્ચળ, પૃથ્વીની જેવા સર્વંસહ, સદાચારમાં ને દયામાં તત્પર, આકાશની જેમ આલંબન વિનાના, કાચબાની જેમ ઇંદ્રિયોને ગોપવનારા, વૈરાગ્યરસમાં નિમગ્ન અને અભ્યંતર શત્રુઓનો નાશ કરનારા થયા. એકદા શુભધ્યાનવડે ઘાતિકર્મોનો ક્ષણમાત્રમાં ક્ષય થવાથી તે બંને કેવળજ્ઞાન પામ્યા. તત્કાળ અનેક દેવો ત્યાં એકત્ર થયા અને તેમણે તેમના જ્ઞાનનો મહો-

ત્સવ કર્યો. તે દેવોએ રચેલા કનકકમળ ઉપર બેસીને અમૃત જેવી મધુર વાણીવડે તેમણે અનેક ભવ્યજીવોને બોધ કર્યો અને પ્રાંતે ભવોપગ્રાહી ચાર અઘાતિ કર્મોનો ક્ષય કરીને તે બંને નિર્વાણપદને પામ્યા.

આ સુમિત્ર રાજા અને પ્રિયંગુમંજરી વિગેરેનું ચરિત્ર સાંભળીને બુદ્ધિમાન મનુષ્યોએ દાન ધર્મને વિષે આદર કરવો. તેઓને એકવારના જ મુનિદાનના પ્રભાવથી સ્થાને સ્થાને સંકટનો સમુદ્ર તે ખાબોચીયા જેવો થઈ ગયો, બીજા સંકટોમાં પણ દાન આધારભૂત થયું, માટે ભવ્યજનોએ દાનધર્મનો સદા અભ્યાસ કરવો. પ્રિયંગુમંજરીએ જેમ કષ્ટમાં પણ શીલ પાળ્યું તેમ અન્ય સ્ત્રીઓએ કષ્ટમાં પણ ઉજ્વળ શીલ પાળવું. એકવાર દાસી ઉપર કરેલો ક્રોધ તેમને ભવાંતરમાં દુઃખ આપનાર થયો એમ જાણીને અન્ય જનોએ પણ કોઈની ઉપર દ્વેષ કે ક્રોધ ન કરવો. જેમ તે દંપતીએ તીવ્ર ચારિત્ર પાળ્યું તેમ મુક્તિસુખને આપનારૂં ચારિત્ર વિવેકીજનોએ નિરતિચારપણે પાળવું.

શ્રી પાર્શ્વનાથના પ્રસાદથી દાનધર્મના પ્રગટ અને શ્રેષ્ઠ એવા સુપ્રભાવથી આઢ્ય શ્રી સુમિત્રનૃપનું શ્રેષ્ઠ એવું ચરિત્ર મેં સં. ૧૫૩૫ ના વર્ષે શ્રાવણ શુકલ પંચમીએ શ્રી મહાપુરી નામની નગરીમાં બનાવ્યું છે, તે ચરિત્ર પૃથ્વીપર ચિરકાળ પર્યંત વંચાતું સતું જયવંતું વર્ત્તો.

ઇતિ શ્રી હર્ષકુંજરોપાધ્યાયવિરચિતે દાનરત્નોપાખ્યાને સુમિત્રચરિત્રે ગુર્વાગમન, પૂર્વભવપ્રકાશન, સંયમગ્રહણ, મુક્તિસૌખ્યપ્રાપણવર્ણનો નામ તૃતીયઃ પ્રસ્તાવઃ સમાપ્તઃ

ઇતિ શ્રી સુમિત્રનૃપચરિત્રં સમાપ્તમ્.